Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

(ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક

આદ્ય તંત્રી સ્વ. માનસંગજી બારડ

તંત્રીમંડળ

ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ડૉ. ભારતીબહેન શેલત,

પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

વર્ષ : ૩૯ મું, અંક : ૧-૨ | વિ.સં.૨૦૫૫ : કારતક | સન | ઑક્ટોબર-નવેમ્બર

## ૩૮ મો દીપોત્સવાંક



શિવમંદિર કિરાડુ-રાજસ્થાન મારુ ગૂર્જરશૈલી (૧૧મી સદી)

પથિક કાર્યાલય, C/o. ભો. જે. વિદ્યાભવન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નૂતન વર્ષે
પથિક
ને
શુભેચ્છા...

દુષ્યંત જોષી
AZURE FAMILY

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ**
ટ્રસ્ટી-મંડળ
**ડૉ. કે. કા. શાસ્ત્રી, ડૉ. ચિનુભાઈ નાયક, ડૉ. નાગજીભાઈ ભટ્ટી,**
**ડૉ. ભારતીબહેન શેલત, પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ**

# પથિક

વર્ષ ૩૯ મું ] કારતક સં. ૨૦૫૫ : ઑક્ટોબર-નવેમ્બર ૧૯૯૮ [ અંક ૧-૨

## અનુક્રમ

| | | |
|---|---|---|
| ઈતિહાસ અને પુરાતત્ત્વ | હરિપ્રસાદ શાસ્ત્રી | ૧ |
| પ્રાચીન સ્થાપત્યના પરિપ્રેક્ષ્યમાં પોળો | દિનકર મહેતા, હિતેશ શાહ | ૩ |
| માતૃપૂજાનો ઉદ્‌ભવ અને તેના પુરાતત્ત્વીય પ્રમાણો | –ડૉ. આર.ટી.સાવલિયા | ૮ |
| કચ્છના ભગ્ન મંદિરોમાં સચવાયેલો શિલ્પ-સ્થાપત્યનો વારસો | –નરેશ અંતાણી | ૧૨ |
| ગુજરાતમાં જૈન મંદિર નગરો | –જયંતિલાલ બી. અઢિયા | ૧૫ |
| જસાપર-જીવાપર : ક્ષત્રપ વસાહત | –હસમુખભાઈ વ્યાસ | ૨૪ |
| ત્રિદલ - કચ્છનાં અંશતઃ શિલ્પ નમૂના | –પ્રાણગિરિ ગોસ્વામિ | ૨૭ |

**વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- પાંત્રીસ : છૂટક નકલના રૂ.૪-૫૦**
**ટપાલ ખર્ચ સાથે : આજીવન સહાયકના રૂ. ૪૦૧/-**
**લવાજમ માટે મ.ઓ. યા બૅન્ક ડ્રાફ્ટ 'પથિક કાર્યાલય'ના નામનો કઢાવી મોકલવો.**

### સૂચના

પથિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લેખિત ફરિયાદ કરવી અને નકલ અમને મોકલવી.

પથિક સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.

પથિકમાં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

નમૂનાના અંકની નકલ માટે ૫-૦૦ની ટિકિટો મોકલવી.

મ.ઓ.ડ્રાફ્ટ-પત્રો માટે લખો :
**પથિક કાર્યાલય**
C\o. ભો. જે. વિદ્યાભવન,
આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
એ સ્થળે મોકલો.

પથિક કાર્યાલય વતી મુદ્રક પ્રકાશક : પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ, C\o. ભો. જે. વિદ્યાભવન, એચ. કે. કૉલેજના કેમ્પસમાં, આશ્રમ રોડ, અમદાવાદ-૯
મુદ્રણસ્થાન : ક્રિશ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ★ ફોન : ૭૪૮૪૩૯૩ . તા. ૧૫-૧૧-૯૮

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઈતિહાસ અને પુરાતત્ત્વ

– હરિપ્રસાદ શાસ્ત્રી*

ઈતિહાસ અતીત સાથે સંબંધ ધરાવે છે. એના નિર્માણ માટે અનેકવિધ અન્વેષણ કરવું પડે છે. એ અન્વેષણના અનેક સ્રોત છે. એ સ્રોતોને મુખ્યત્વે બે પ્રકારોમાં વર્ગીકૃત કરી શકાય : ૧. વાઙ્મય અને ૨. પાદાર્થિક. વાઙ્મય સ્રોતો નજીકના ભૂતકાળ માટે (તેમજ હવે ધ્વનિ-મુદ્રણ દ્વારા) મૌખિક હોય અને સર્વકાલ માટે લિખિત કે અભિલિખિત હોય. એમાં સાહિત્ય, અનુશ્રુતિ અને અભિલેખોનો સમાવેશ થાય છે. પાદાર્થિક સ્રોતોમાં ઈમારતો, સ્મારકો, શિલ્પકૃતિઓ, ચિત્રો, ઓજારો, હથિયારો, અસ્થિઓ, વસ્ત્રો, આભૂષણો, વાસણો, રાચરચીલું વગેરે વિવિધ પદાર્થોનો સમાવેશ થાય છે.

સાહિત્ય અને અભિલેખો વાઙ્મય સ્રોતોમાં અને પુરાતત્ત્વ પાદાર્થિક સ્રોતોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

'પુરાતત્ત્વ' શબ્દ બે ભિન્ન અર્થોમાં પ્રયોજાય છે. વ્યાપક અર્થમાં એ સર્વવિધ પુરાતન તત્ત્વોને આવરી લે છે ને એમાં વાઙ્મય સ્રોતોનો પણ સમાવેશ થઈ જાય છે. આ અનુસાર ગૂજરાત વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરના સંશોધન સામયિક 'પુરાતત્ત્વ'માં ભાસનાં નાટકો વિશે પણ રસપ્રદ લેખમાળા આવેલી. આ અર્થમાં પુરાતત્ત્વમાં સાહિત્ય, અભિલેખો અને પુરાવસ્તુઓનો સમાવેશ થાય છે.

પરંતુ 'પુરાતત્ત્વ' શબ્દ એ મુખ્યત્વે એના મર્યાદિત અર્થમાં પ્રયોજાય છે; ને એમાં પાદાર્થિક સ્રોતો મુખ્ય સ્થાન ધરાવે છે. સ્થાપત્ય, શિલ્પ, પ્રતિમાઓ, ચિત્રો, આયુધો, ઉપકરણો, વાસણો, અંલકારો, અસ્થિઓ ઈત્યાદિ એના મુખ્ય પ્રકારો છે. પુરાતત્ત્વ ખાતાની કામગીરી મુખ્યત્વે આ પાદાર્થિક સ્રોતોનું અન્વેષણ તથા સંરક્ષણ કરે છે. પુરાતત્ત્વીય સર્વેક્ષણો પણ મુખ્યત્વે આ ક્ષેત્રોને આવરી લે છે. એમાં પદાર્થોની સાથે અભિલેખો તથા સિક્કાઓનો પણ સમાવેશ કરવામાં આવે છે. હસ્તલિખિત પ્રતો તથા મુદ્રિત ગ્રંથોનું પણ એ જતન કરે છે. છતાં એનું મુખ્ય લક્ષ્ય તો પાદાર્થિક સ્રોતો જ છે. વિવિધ પદાર્થો જ પુરાતત્ત્વ વિદ્યાનું મુખ્ય અંગ બની રહે છે. આ મર્યાદિત અર્થમાં પ્રયોજાતા પુરાતત્ત્વ માટે ડૉ.ર.ના.મહેતા. 'પુરાવસ્તુવિદ્યા' શબ્દ પ્રયોજતા.

પુરાતત્ત્વ એ ઇતિહાસનો એક મહત્ત્વનો સ્રોત છે. ઈતિહાસના અન્વેષણમાં આપણે જેમ અતીત તરફ વધુને વધુ પાછળ જઈએ તેમ આ સ્રોતનું મહત્ત્વ ઉત્તરોત્તર વધતું જાય છે.

આ વિધાનના સ્પષ્ટીકરણ માટે આપણે ભારતીય ઈતિહાસનો દાખલો લઈએ.

સ્વાતંત્ર્યોત્તર કાલના ઈતિહાસ માટે વર્તમાનપત્રો, સામયિકો, ધ્વનિ-મુદ્રણો, છબી-અંકનો, અનુશ્રુતિઓ, મૌખિક વિધાનો, દફતરો, દસ્તાવેજો, સમકાલીન ગ્રંથો, સ્મારકો, અભિલેખો, ઇત્યાદિ અનેકવિધ સ્રોતો ઉપકારક નીવડે છે. બ્રિટિશ કાલના ઇતિહાસ માટે આમાંથી કેટલાક અદ્યતન સ્રોતોનું પ્રમાણ ઓછું થાય છે. મધ્યકાલના ઇતિહાસ માટે સમકાલીન તથા અનુકાલીન ઇતિહાસગ્રંથો, સાહિત્ય, અભિલેખો, સિક્કાઓ, સ્મારકો, શિલ્પકૃતિઓ, ચિત્રો ઈત્યાદિ સ્રોતો મહત્ત્વ ધરાવે છે. એમાં સ્થળ તપાસો તથા ઉત્ખનનો દ્વારા પ્રાપ્ત થતા પુરાવશેષોનો પણ ઉમેરો થાય છે. આમ અહીં વાઙ્મય તેમજ પાદાર્થિક બંને પ્રકારના સ્રોત ઉપકારક નીવડે છે.

એની પૂર્વેના પ્રાચીન ઈતિહાસ માટે આપણે મુખ્ય આધાર સમકાલીન, પ્રાક્કાલીન તથા આનુશ્રુતિક સાહિત્ય તેમજ અભિલેખો અને સિક્કાઓ ઉપરાંત સ્થાપત્યકીય સ્મારકો, વિવિધ શિલ્પકૃતિઓ તથા ચિત્રો તેમજ સ્થળ-તપાસો તથા ઉત્ખનનો દ્વારા ઉપલબ્ધ થયેલ અવશેષો ઉપયોગી નીવડે છે. કેટલાંક પુરાતન સ્થાનોમાં ઇતિહાસ તથા સંસ્કૃતિના અન્વેષણ માટે પુરાતત્ત્વીય સ્થળતપાસો અનેઉત્ખનનો ખાસ ઉપકારક બની રહે છે. મૌર્ય કાલ તથા ગુપ્ત કાલ જેવા

★ 'સુવાસ' - આઝાદ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાલખંડોના ઇતિહાસ માટે આ સર્વ પ્રકારના સ્રોતોનું અન્વેષણ તથા અધ્યયન કરવું પડે છે. સાહિત્યિક, આભિલેખિક અને પુરાતત્ત્વીય - એ ત્રણેય પ્રકારોના સ્રોત આ માટે ઉપકારક નીવડે છે. ભારતના પ્રાચીન ઇતિહાસના અન્વેષણમાં આ વિવિધ સ્રોતો આપણને બુદ્ધ-મહાવીરના સમયકાલીન મગધનરેશ બિંબિસારના સમય (ઈ.પૂ.૬ઠ્ઠી-૫મી સદી) સુધી દોરી જાય છે.

એ અગાઉના આદ્ય-ઐતિહાસિક કાલ માટે સમકાલીન વેદો તથા અનુકાલીન વેદાંગો અને પુરાણો સીમિત પ્રમાણમાં ઉપયોગી બની રહે છે, પરંતુ એ સમયની સંસ્કૃતિનાં વિવિધ પાસાંના અન્વેષણ માટે પુરાતત્ત્વીય સ્થળતપાસો અને ઉત્ખનનો સહુથી વિપુલ અને મહત્ત્વનો સ્રોત નીવડે છે. હરપ્પીય સભ્યતાના અવશેષોમાં પ્રાપ્ત થતાં અભિલિખિત લખાણ આપણને હજી બરાબર ઉકલતાં ન હોઈ હજી ખાસ ઉપયોગી નીવડતાં નથી. પરંતુ વાસણો, ઓજારો, આયુધો, ઘરેણાં, રમકડાં, શિલ્પકૃતિઓ, અસ્થિઓ, ઉપકરણો ઈત્યાદિ વિવિધ પદાર્થો તત્કાલીન સંસ્કૃતિનાં વિવિધ પાસાં પર વિપુલ પ્રકાશ પાડે છે. ઈમારતોના અવશેષો નગરઆયોજન, ગટર-યોજના, દુર્ગવિધાન, અને રહેણાક મકાનોના બાંધકામનો હૂબહૂ ચિતાર આપે છે. આદ્ય-ઐતિહાસિક સંસ્કૃતિઓના અન્વેષણમાં તત્કાલીન સાહિત્ય તથા અભિલેખો કરતાં પુરાતત્ત્વીય પદાર્થો મહત્ત્વની સાધન સામગ્રી પૂરી પાડે છે.

આ થઈ ઐતિહાસિક કાલની વાત. હવે એ અગાઉના પ્રાગ્-ઐતિહાસિક કાલની વાત કરીએ. એ સમયનો આદિ-માનવ લેખનકલાનું જ્ઞાન ધરાવતો નહિ. માનવે ત્યારે પોતાના સામાજિક વ્યવહારમાં ભાષાનું સાધન વિકસાવ્યું હતું, પરંતુ તેનો ઉપયોગ સમીપના જનો સમક્ષ પ્રત્યક્ષ રીતે અભિવ્યક્તિ પૂરતો મર્યાદિત રહેતો. કાલ કે દેશમાં દૂર હોય તેવા જનો સાથેના વ્યવહારમાં ઉપયોગી નીવડે તેવા વર્ણો (અક્ષરો)ની શોધ હજી થઈ નહોતી. આથી પ્રાગૈતિહાસિક કાલની વસાહતોના અવશેષોમાં કોઈ લખાણ મળવાનો હરગીજ સંભવ રહેલો નથી. આથી એ કાલની સંસ્કૃતિના અન્વેષણ માટે માત્ર પાદાર્થિક સ્રોત પર જ આધાર રાખવો પડે છે. લખાણના અભાવે આપણે એ કાલના કોઈ મનુષ્યોનાં કે કોઈ સ્થળોનાં નામ જાણી શકવાના નથી. લિખિત કે અભિલિખિત સ્રોતના સદંતર અભાવને લઈને પ્રાગ્-ઈતિહાસ માટે પાદાર્થિક સ્રોત ધરાવતું પુરાતત્ત્વ એનો એકમાત્ર સ્રોત બની રહે છે. પુરાતત્ત્વની મદદ વિના પ્રાગ્-ઈતિહાસનું અન્વેષણ અસંભવિત છે.

છતાં અહીં એ ન ભૂલવું જોઈએ કે ઈતિહાસ અને પુરાતત્ત્વ વચ્ચેના પારસ્પરિક સંબંધનો વિચાર કરીએ, તો પુરાતત્ત્વ સાધન છે, જ્યારે ઈતિહાસ સાધ્ય છે. અનુશ્રુતિ, તવારીખ, અભિલેખો, સિક્કાઓ, શિલ્પ, સ્થાપત્ય, ચિત્રો, આયુધો, અલંકારો, ઉપકરણો ઈત્યાદિ સર્વ ઈતિહાસના અન્વેષણનાં સાધન છે; એ સર્વ સાધનો લક્ષ્ય છે ઈતિહાસનું અન્વેષણ, સંશોધન અને નિરૂપણ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાચીન સ્થાપત્યના પરિપ્રેક્ષ્યમાં પોળો

દિનકર મહેતા*, હિતેશ શાહ*

ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જીલ્લામાં ઈડરથી ઈશાને ખેડબ્રહ્મા, અંબાજીના મુખ્ય માર્ગે વિજયનગર જતાં દોરી માર્ગ પર આશરે ૩૭ કિ.મી. દૂર હરણાવ નદી એટલે કે પ્રાચીન હિરણ્યના કાંઠાથી શરૂ કરી છેક પોળોની પ્રસિદ્ધ ડુંગરની ઘાટી સુધીના લગભગ ૧૦ કિમી. ના જંગલ વિસ્તારમાં સંતાયેલી કોઈ પ્રસિદ્ધ નગરી અને તેના કેટલાક પ્રાચીન સ્મારકો તથા અવશેષો પથરાયેલા છે.

આ સ્મારક વિભિન્ન વિસ્તારોમાં ક્યાંક એકલ દોકલ તો ક્યાંક સમુહમાં પથરાયેલ છે. આમાં મુખ્યત્વે સૌ પ્રથમ આંતરસુબા આશ્રમ પાસે તથા આંતરસુબા ગામ પાસે હરણાવ (મૂળનામ હિરણ) નદીના બન્ને કાંઠે સ્મારકો આવેલા છે. ત્યારબાદ આંતરસુબાથી આશરે ૭ કિ.મી. દૂર આભાપુર ગામ તથા તેનાથી ૩ કિ.મી. દૂર લાખેણા તરીકે ઓળખાતા વિસ્તારમાં અન્ય સ્મારકો આવેલા છે.

તમામ સ્મારકો અરવલ્લીની ડુંગરમાળા વચ્ચેથી પસાર થતી હરણાવ નદી અને આપસપાસના પ્રાકૃતિક સૌંદર્યથી છલકાતાં જંગલવિસ્તારથી આવૃત છે.

સ્થળ સુધી જવા માટે અમદાવાદથી અંબાજી વાયા ઈડર, ખેડબ્રહ્માના માર્ગે તથા અમદાવાદથી વિજયનગર, રાણી સાથે સંકળાયેલ રાજ્ય પરિવહનની બસ દ્વારા જઈ શકાય છે.

**સ્મારક પરિચય**

પોળોના પ્રાચીન સ્મારકોમાં સમાવિષ્ટ સ્મારકોમાં આંતરસુબા અને અભાપુરની આસપાસના વિસ્તારમાં કુલ-૧૪ રાજ્ય રક્ષિત સ્મારકો આવેલ છે. જેમાં શૈવ, શાક્ત, સૂર્ય અને સંપ્રદાયના મંદિરો આવેલા છે. સંપ્રદાય ભેદની માફક જ આ સમુહના મંદિરોના તલમાન, ઉર્ધ્વ દર્શન, સમયાંકન પણ વૈવિધ્ય છે. આ સમૂહના મંદિરોમાં ઈ.સ.ની ૧૧મી સદીથી ૧૫-૧૬મી સદીની વચ્ચેના સમય ગાળાના મંદિરો, સ્મારોકનો સમાવેશ થાય છે. આમ શિલ્પ-સ્થાપત્યમાં રસ, રુચિ ધરાવનારને આ વિસ્તારના સ્મારકો વિભિન્ન સમયની કલાશૈલીના દર્શન કરાવે છે. ખાતા દ્વારા રક્ષિત કરાયા પહેલાં આ સ્મારકો ગાઢ જંગલના આવરણથી આવૃત હતા. જે તે સમયે તેની સ્થિતિ પણ લગભગ ભગ્નાવસ્થા જેવી હતી. ખાતા દ્વારા સમયાંતરે કરાયેલ માવજતની કામગીરીથી આ સ્મારકો શિલ્પ-સ્થાપત્યના અભ્યાસીઓ માટે એક તીર્થ સમાન બની શક્યા છે. અત્રે આ સ્મારકોનો પરિચય આપવાનો પ્રયત્ન કરેલ છે.

આ વિસ્તારમાં સ્મારકોમાં સૌ પ્રથમ આંતરસુબો મુકામે આવેલ સ્મારકો આવે છે.

**શિવપંચાયતન મંદિર નં.૧**

વિશાળ વ્યાપ અને ઉંચાઈ ધરાવતી જગતી ઉપર નિર્માણ પામેલ આ મંદિર પશ્ચિમાભિમુખી છે. મંદિરના ચારે કોણમાં લઘુપ્રસાદ આવેલા હોઈ આ મંદિર પંચાયતન પ્રાસાદ તરીકે ઓળખાય છે. આ લઘુપ્રાસાદો ભગ્નાવસ્થામાં છે.

આ મંદિરની પ્રર્થમાં વિવિધ શિલ્પોથી મંડિત તેમજ અલંકરણયુક્ત સુંદર કીર્તિતોરણ આવેલું છે. આ તોરણના સ્તંભદંડમાં વિવિધઘાટનું સંયોજન જોવા મળે છે. તેના ભદ્રાદી ભાગે કંડારેલ ગવાક્ષોમાં બ્રહ્મા, વિષ્ણુ, ધ્વારપાલ, ચામુંડી, ભૈરવ વગેરેનું શિલ્પાંકન જોવા મળે છે. મધ્યના અષ્ટાસ્રદંડમાં સર્યની પ્રતિમાઓ છે. તેની ઉપરનું વૃત પુષ્પાંકન, મણીમેખલા, કંદોરા ભાત, કીચક વગેરેથી વિભુષિત છે. મંદિરના અગ્રભાગે હાલમાં કોઈ કીર્તિતોરણ નથી. પરંતુ આવા જ એક ભવ્ય કીર્તિતોરણની રચના અગ્રભાગે પણ હોવાનું તેની જગતીના તલમાન પરથી જણાય છે.

★ નિયામક, પુરાતત્ત્વ ખાતુ, જિલ્લા પંચાયત ભવન, લાલ દરવાજા, અમદાવાદ-૧
* તકનિકી સહાયક, પુરાતત્ત્વ ખાતુ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને શૃંગારચોકી વગેરે અંગો ધરાવતું આ મંદિર ચતુરંગી પ્રકારનું છે. ગર્ભગૃહની પીઠ સાદી છે. મંડોવરની જંઘામાં ઉત્તર, દક્ષિણ અને પૂર્વ એમ ત્રણ બાજુએ ભદ્રગવાક્ષમાં સૂર્ય તેમજ અન્ય નાસિકાઓમાં યમ કુબેર, ઇન્દ્ર જેવા શિલ્પો કંડારેલ છે. છાદ્ય ઉપરનું શિખર નગરશૈલીનું શિખરાન્વિત શ્રેણીનું છે.

મંડપની વેદિકામાં દક્ષિણે અદિતિ તેમજ ઉત્તરે શીતળાનું શિલ્પ કંડારેલ છે. શૃંગાર ચોકીની પીઠમાં રાજસવારીના દૃશ્યનું સુંદર નિરૂપણ જોવા મળે છે.

ગર્ભગૃહની ધ્વારશાખમાં તેમજ ઓતરંગમાં સૂર્યની પ્રતિમાઓ કંડારેલ છે. મંડપ ઉપરનું છાવણ લુપ્તાવસ્થામાં છે. મંડપના તેમજ કક્ષાસનયુક્ત શૃંગાર ચોકીના મિશ્રઘાટના વામન સ્તંભોના સ્તંભદંડનો વૃતભાગ ગ્રાસપટ્ટીથી વિભુષિત કરાયેલ છે.

આ મંદિર ૧૪ મા ૧૫મા શતકનું હોવાનું જણાય છે.

**શક્તિમંદિર**

પૂર્વાભિમુખી આ મંદિર તલદર્શને મુખચોકી અને ગર્ભગૃહ એમ બે અંગોથી રચાયેલ હોઈ તેને દ્વયંગી પ્રકારના મંદિરોની શ્રેણીમાં મૂકી શકાય. પીઠ, મંડોવર, છાદ્ય અને શિખર જેવા અંગોથી આ મંદિર રચાયેલ છે. મંડોવરના કુંભકમાં તમાલપત્રની ભાત કંડારેલ છે. અંતરપત્રિકા રત્નમંડિત છે. કપોતમાં ચૈત્યાંકન તેમજ જંઘાની ઉપરનો ભાગ ગ્રાસપટ્ટથી વિભુષિત છે. છાદ્ય ઉપર નાગરશૈલીનું રેખાન્વિત શિખર એકાંડી પ્રકારનું છે. શિખર આમલકથી વિભુષિત છે. જંઘાના ભદ્રગવાક્ષોમાં શિવ, વિષ્ણુ, બ્રહ્માજી બિરાજેલ છે. તેમજ અન્ય નાસિકાઓમાં વાયુ, યમ, અગ્નિ તેમજ અપ્સરાઓના શિલ્પો છે.

કક્ષાસનયુક્ત મુખચોકીના વામન સ્તંભો મિશ્રઘાટના છે. તેની સમતલ વિતાનમાં વિકસિત પુષ્પભાત કંડારેલ છે. જ્યારે ગર્ભગૃહની વિતાન ચતુષ્કોણીમ છે. ગર્ભગૃહની દ્વારશાખમાં શિવ, વિષ્ણુના વિવિધ સ્વરૂપો જોવા મળે છે. ઉદુમ્બરમાં બન્ને બાજુએ અનુક્રમે કુબેર અને ગણેશ છે. જ્યારે મધ્યમાં ચંદ્રશાલા તેમજ તેની બંને બાજુ કીર્તિમુખ કંડારેલ છે.

મંદિરની સ્થાપત્યશૈલી જોતાં આ મંદિર ૧૦મા શતકનું હોવાનું જણાય છે.

**શિવમંદર**

ગર્ભગૃહ, અંતરાલ અને મંડપ એમ ત્રણ અંગોના સંયોજનથી આ મંદિરને તલમાનની દૃષ્ટિએ ત્ર્યંગી પ્રકારનું કહી શકાય. પશ્ચિમાભિમુખ આ મંદિરના ગર્ભગૃહના મંડોવરની જંઘામાં ભદ્રગવાક્ષ સિવાયની નાસિકાઓમાં કોઈ શિલ્પાંકન કે રૂપાંકન જોવા મળતું નથી. ઉત્તર બાજુનું ભદ્રગવાક્ષ ખંડિતાવસ્થામાં છે. પૂર્વ, ઉત્તર અને દક્ષિણ બાજુના શિખરના ભદ્રદીખત્તકમાં અનુક્રમે વિષ્ણુ-લક્ષ્મી, શિવ-પાર્વતી તેમજ બ્રહ્મા સાવિત્રિના યુગલ શિલ્પો કંડારેલ છે.

અંતરાલમાં બન્ને બાજુએ આવેલ ખત્તક શિલ્પવિહીન છે. દેવાંકનોથી વિભુષિત ગર્ભગૃહની દ્વારશાખ ત્રિશાખી છે. અને પ્રવેશદ્વારનો ઓતરંગ બ્રહ્મા, યમ, પાર્વતી, લક્ષ્મી, વિષ્ણુ વગેરેથી મંડિત છે. ઉદુમ્બરના બન્ને છેડે ગણેશ અને કુબેરના શિલ્પ જોવા મળે છે. ગર્ભગૃહની ઉપર શિખર ભગ્નાવસ્થામાં છે, પરંતુ હાલના વિદ્યમાન ભાગની ઉત્કીર્ણ જાલકભાતનું અંકન જોતાં આ મંદિર ૧૦મી સદીનું હોવાનું જણાય છે.

**"નવદેરાં" કે સદેવંત સાવળિંગાનાં પ્રાચીન દેરાં**

ઉપરોક્ત સ્થળ આતંરસુંબા ગામ પાસે નદીના સામા કાંઠે આવેલું છે. આ સ્થળે કુલ ચાર જૈન મંદિરો અને એક શિવપંચાયતન મંદિર (નંબર-૨) આવેલું છે. "નવ દેરાં", શબ્દપ્રયોગ કુલ નવ દેરીની સંખ્યાનું સુચન કરે છે. ઉપરાંત આ સ્થળને રાજકુમાર સદેવંત અને તે જ ગામમાં રહેતી સાવળિંગા સાથે થયેલ પ્રણય અંગેની પ્રચલિત ગાથા સાથે વણીને, આ પ્રાચીનાવશેષો સદેવંત સાવળિંગાના મંદિરો તરીકે પણ સ્થાનિકે ઓળખાય છે. જો કે ઉક્ત કિંવદન્તીને કોઈ પુરાતાત્ત્વિક સમર્થ મળતું નથી. અહીં આવેલા જૈનમંદિરો પ્રાકાર યુક્ત છે. વિશાળ જગ્યામાં પથરાયેલ મંદિરો તેના ભવ્ય અતિતની'



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઝાંખી કરાવે છે. આ ચાર દક્ષિણાભિમુખ જૈન મંદિરો અને તેની પૂર્વમાં પૂર્વાભિમુખ શિવપંચાયતન મંદિરનો સંક્ષિપ્તમાં પરિચય જોઈએ.

**જૈનમંદિર નં.૧**

મંદિરની પીઠ અને મંડોવરમાં કોઈ વિશેષ રૂપાંકન નથી. મંડોવરના કુંભકમાં અને જંઘામાં સામાન્યતઃ જોવા મળતી ઊર્ધ્વ પલ્લવની તથા સક્કરપારા ભાતનું તક્ષણ અહીં પણ જોવા મળે છે. ગર્ભગૃહ ઉપરનું શિખર, તેની જંઘાનો મહત્તમ ભાગ તથા મંડપ ઉપરનું છાવણ લુપ્ત છે.

**જૈન મંદિર નં.૨**

બલનકમાં ઉદ્ગમમંડિત ગવાક્ષ શિલ્પવિહીન છે. આ મંદિર, મંદિર નં. ૧ કરતાં કંઈક અંશે સારી સ્થિતિમાં જળવાયેલ છે. મંડપ ઉપરના કરોટકના થરમાં પુષ્પપત્રાવલીનું તેમજ મધ્યશિલામાં ઉર્ધ્વપદમ કંડારેલ છે. મમંડપના સ્તંભ મિશ્રઘાટમાં છે. સ્તંભદંડના મથાળે માત્ર ગ્રાસ પટ્ટીનું અંકન જોવા મળે છે. જ્યારે તે સિવાયનો ભાગ અલંકરણ જોવા મળે છે. જ્યારે તે સિવાયનો ભાગ અલંકરણરહિત છે. ગર્ભગૃહની જંઘા ઇન્દ્ર, વાદક, શિવ, કુબેર બ્રહ્મા, ભૈરવ, યમ વગેરેના શિલ્પોની વિભુષિત કરાયેલ છે. ભદ્રગવાક્ષો શિલ્પરહિત છે. નાગર શૈલીના શિખરાન્વિત પ્રકારના શિખરનો ઉપરનો ભાગ ભગ્ન છે.

**જૈન મંદિર નં.૩**

આ મંદિરના ગર્ભગૃહનો, અંતરાલનો તેમજ ગુઢમંડપનો ઘણોખરો ભાગ ભગ્નાવસ્થામાં છે. કુંભકમાં માત્ર તમાલપત્રનું અંકન છે. કળશ રૂપકામ વિહીન છે.

**જૈનમંદિર નં.૪**

બલાનકમાં આવેલ ગવાક્ષમાં અંબિકા અને કુબેરનું શિલ્પ કંડારેલ છે. મંડપની પીઠથી ઉપરના થર લુપ્ત છે. ગર્ભગૃહના પૂર્વ તરફના ભદ્રગવાક્ષમાં પાર્શ્વનાથનું શિલ્પ છે. અન્ય રથિકાઓ પ્રમાણમાં સાદી છે. શિખરના ભદ્રાદિ ખત્તકમાં અંબિકા છે. તેના ઉત્સંગમાં બાળક અને હસ્તમાં આમ્રલુંબી ગ્રહણ કરેલ છે. ઉત્તર બાજુએ ભદ્રગવાક્ષમાં આદિનાથનું શિલ્પ કંડારેલ છે. પશ્ચિમ બાજુએ ગવાક્ષમાં કંડારેલ તીર્થંકરનું લાંછન અસ્પષ્ટ છે. આ સ્મારક સમુહ ૧૫માં શતકમાં નિર્માણ પામેલ હોવાનું જણાય છે.

**શિવપંચાયતન મંદિર નં.૨**

જૈન મંદિર સમુહની પૂર્વે આ પ્રાસાદ આવેલો છે. મધ્યમાં પૂર્વાભિમુખ મુખ્ય પ્રાસાદ અને તેના ચારે કોણમાં લઘુ મંદિરો આવેલાં છે. મધ્યમાં આવેલ મુખ્ય પ્રસાદની સન્મુખે નાના તોરણનું આયોજન જોવા મળે છે. તોરણના ભદ્રાદિ ભાગે વિવિધ દેવ દેવીઓના શિલ્પો તેમજ તેની બંને બાજુની શાખ ચામરધારિણીઓ અને વાદકોના સંયુક્ત શિલ્પોથી વિભૂષિત કરાયેલ છે. લલાટબિંબમાં મધ્યે ગણેશજી તથા તેની આજુબાજુ માલાધરોનું અલંકરણ જોવા મળે છે. તોરણમાં પ્રવેશ્યા બદ આવતા મુખ્ય મંદિરનો ઘણોખરો ભાગ ખંડિત છે. આ મંદિરની ઉત્તર તરફનો પીઠથી શિખર સુધીનો ભાગ જળવાયેલ છે. જંઘામાં આવેલ ગવાક્ષ શીલ્પરહીત છે. શિખરના ખત્તકમાં બ્રહ્મા-સાવિત્રિનું યુગલ શિલ્પ જોવા મળે છે.

આ પંચાયત મંદિરના દક્ષિણ-પશ્ચિમ કોણમાં તથા ઉત્તર-પશ્ચિમ કોણમાં આવેલ લઘુ મંદિરના ભદ્રગવાક્ષમાં વિષ્ણુના શિલ્પ કંડારેલ છે. પરંતુ પૂર્વ-ઉત્તર અને પૂર્વ દક્ષિણ કોણમાં આવેલ લઘુ મંદિરોની પીઠ સુધીનો જ ભાગ જળવાયેલ છે. આ મંદિર તેની સ્થાપત્યકીય રચના શૈલી ઉપરથી આશરે ૧૫માં શતકમાં નિર્માણ પામેલ હોય તેમ જણાય છે.

**શરણેશ્વર મંદિર**

પશ્ચિમાભુમુખ આ શિવોપોષક પ્રાસાદ પ્રાકારયુક્ત છે. ગર્ભગૃહ, અંતરાલ, પ્રદક્ષિણાપથ, સભામંડપ, શૃંગારચોકી જેવાં અંગો ધરાવતુ સાંધાર પ્રકારનું આ મેરૂપ્રાસાદ દ્વિભુમ યુક્ત છે. સ્થાપત્ય કલાવિન્યાસની દૃષ્ટિએ આ પ્રાસાદ આ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાલના અન્ય મંદિરની સરખામણીમાં વિશિષ્ટ મહત્ત્વ ધરાવતું સ્મારક છે. બલાનકની બાહ્ય દીવાલની બંને બાજુએ ઉદ્‌ગમમંડિત શિલ્પવિહિન ગવાક્ષ આવેલા છે. ગવાક્ષની સમાંતર કંડારેલ અર્ધવલાયાકાર પટ્ટ વિકસિત પુષ્પાંકનથી સુશોભિત છે. બલાનકના ભદ્રાદિ ભીંતાસ્તંભોના મદળો ઉર્ધ્વપલ્લવ તથા ઘટ્ટપલ્લવથી વિભૂષિત કરાયેલ છે. બલાનક બાદ ભગ્ન હાલતમાં સ્વતંત્ર અલંકૃત વેદી આવેલી છે. વેદીની સન્મુખ મુખ્ય પ્રાસાદ આવેલું છે. ઉર્ધ્વદર્શને ક્રામદ પ્રકારની પીઠમાં ભીટ્ટ, અંધારિકા, કણી, ગ્રાસપટ્ટી, તથા મંડોવરમાં કુંભક, અંધારિકા, કળશ, કપોત, મંચિકા, જંઘા, ઉદ્‌ગમ, ભરણી, શિરાવટી વગેરે થરોની બેવડી રચના જોવા મળે છે. મથાળે કુટછાદ્ય અને તેની ઉપર પાંચાડી શિખરાન્વિત શૈલીનું શિખર જોવા મળે છે. બેવડી જંઘામાં દક્ષિણે ભૈરવ, બ્રહ્મા, સરસ્વતિ, અપ્સરા, તેમજ ઉત્તરે -ઇન્દ્રાણી ગણેશ, શિવ, પત્રલેખિની, વિષ્ણુ, અપ્સરા જેવા વિવિધ શિલ્પો કંડારાયેલ છે. મંડપના વામનસ્તંભોની ભરણીમાં ભોગાસન, વાદકો, હંસાવલી તથા નરથરનું અંકન જોવા મળે છે. મંડપની વેદિકામાં ઉર્મિવેલ, વિષ્ણુ, શિવ તથા બ્રહ્માના શિલ્પો કંડારાયેલ છે. પીઠીકામાં માત્ર ગ્રાસપટ્ટ જોવા મળે છે. અષ્ટકોણીય સભામંડપના મિશ્રઘાટના સ્તંભોની કુંભી પૂર્ણઘટ તથા અધોમુખી પલ્લવોથી અલંકૃત છે, તેમજ સ્તંભદંડ નીચેની ઉપર તરફ અષ્ટકોણીય, ષોડસ અને વલયાકારના છે. તેનો વૃત્તાકાર પટ્ટ ઘંટાસાંકળી, મણિમેખલા અને ગ્રાસપટ્ટીથી અલંકૃત કરવામાં આવેલ છે. મંડપ ઉપરનું છાવણ અસ્તિત્વમાં નથી. સભામંડપમાં ઉત્તર અને દક્ષિણ છેડે શૃંગાર ચોકી છે. ગર્ભગૃહની કરોટકમાં કીચક અને હંસાવલીના થરોનું આયોજન કરવામાં આવેલ છે. પ્રદક્ષિણા માર્ગમાં અલંકૃત વાતાયનોની સુંદર રચના જોવા મળે છે.

આ મંદિર તેની રચનાશૈલીને આધારે તેનું નિર્માણ ઇસુના પંદરમાં શતકમાં થયું હોવાનું જણાય છે.

**શિવ-શક્તિ મંદિર**

શરણેશ્વર મહાદેવ મંદિરથી આખેલા જવાના માર્ગમાં હરણાવ સરિતાના કાંઠા સમિપ આ પશ્ચિમાભિમુખ મંદિર આવેલ છે. તલમાને ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને પ્રવેશચોકી એમ ચાર અંગો ધરાવતુ આ પ્રાસાદ ચૌરંગી પ્રકારનું છે. પીઠ, મંડોવર, છાદ્ય, શિખર જેવા અંગોથી વિભુષિત પ્રાસાદની પીઠમાં ગ્રાસપટ્ટી સિવાય અન્ય કોઈ રૂપાંકન કરવામાં આવેલ નથી. કુંભકમાં અર્ધપર્ય કાસનસ્થ દેવ દેવીઓના વિવિધ શિલ્પો છે. મંડોવરની નાસિકાઓ શિવા તથા, સ્વાહાના અર્ધપર્યંકાસનસ્થ શિલ્પ તેમજ ઉભી સ્થિતિમાં ગણેશ, ઇન્દ્ર, શિવ, દર્પણકન્યા, નૃત્યાંગના, ઇન્દ્રાણી, ગણેશ, પાર્વતી, બ્રહ્મા, બ્રહ્માણી, ભૈરવ, યમ વગેરે શિલ્પકલાથી વિભુષિત કરવામાં આવેલ છે.

પ્રવેશચોકીના વામનસ્તંભો મિશ્રઘાટના છે. મંડપ અને અંતરાલ ઉપરનું છાવણ લુપ્ત છે. ગર્ભગૃહની ઉત્તર તરફની ત્રિશાખી ધ્વારશાખાના ભદ્રાદિ ભાગે સૂર્યાણી તેમજ દક્ષિણ બાજુએ સૂર્યની પ્રતિમાઓ કંડારેલ છે. લલાટમાં મધ્યે ગણેશ તેમજ તેમની આસપાસ માલધરો, ઓતરંગમાં મધ્યમાં અશ્વારૂઢ સૂર્ય અને તેમની બન્ને સૂર્યાણી તથા ગજ યુગ્મ દર્શાવેલ છે.

આ સ્થાપત્ય તેની કલાવિન્યાસના આધારે ૧૫મા શતકનું હોવાનું જણાય છે.

**કુંડ અને મંદિર**

પૂર્વાભિમુખ આ શિવાલયમાં હાલમાં ગર્ભગૃહ અને મંડપ સ્પષ્ટપણે વિદ્યમાન છે. પરંતુ તેના તલમાન પરથી આ મંદિર ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને પ્રવેશચોકી જેવા અંગોથી નિર્માણ પામેલ હોવાનું જણાય છે. ચૌરંગી પ્રકારના મંદિરની શૃંગાર ચોકી તેમજ મંડપ ઉપરનું છાવણ તથા ગર્ભગૃહ ઉપરનું શિખર લુપ્ત થઈ ગયેલ છે. ગર્ભગૃહની ત્રિશાખી દ્વારશાખ અર્ધખંડિતાવસ્થામાં છે. ધ્વારશાખ શિવની ઉભી તેમજ અર્ધપર્યંકાસનસ્થ પ્રતિમાઓથી વિભૂષિત છે. ઉદુમ્બરના ઉત્તર-દક્ષિણ છેડે ક્રમશઃ ગણેશ, અને કુબેરના અર્ધપર્યંકાસનસ્થ શિલ્પ કંડારેલ છે. ગર્ભગૃહનો ઉત્તર-પૂર્વકોણનો માત્ર જંઘા સુધીનો આંશિક ભાગ જ હાલમાં વિદ્યમાન છે. જેમાં તાપસ, અપ્સરા વગેરેનું શિલ્પાંકન જોવા મળે છે. મંડોવરના કુંભકમાં જાલક ભાત વગરના ઉદ્‌ગમ જેવી ભાત કંડારેલ છે.

મંડપની વેદિકામાં ઉર્મિવેલ તેમજ તેની ઉપર ઘટપલ્લવનું અંકન કરવામાં આવેલ છે. વેદિકામાં નીચેના થરો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંખી, પશુ, શિવલિંગ, પૂર્ણ વિકસિત પુષ્પ, રત્ન, કળશ જેવી વૈવિધ્યપૂર્ણ કલામય ભાતોથી વિભુષિત કરાયેલ છે.

મંદિરના પાર્શ્વભાગે ભદ્રક ઘાટનો કુંડ આવેલ છે. કુંડના દ્વિતીય પટ્ટશાલમાં હાલમાં માત્ર દક્ષિણ અને પૂર્વ કોણમાં જ દેવકુલિકા વિદ્યમાન છે. પરંતુ તલદર્શન પરથી ચારે કોણમાં દેવકુલિકાઓનું આયોજન હોવાનું જણાય છે. જો કે કુંડનો દક્ષિણ ભાગ લુપ્ત થઈ ગયેલ છે. ચાર પટ્ટશાલ ધરાવતા કુંડના પ્રત્યેક પટ્ટશાલમાં ઉતરવા માટે મધ્યમાં અને ખૂણાઓ ઉપર દ્વિપથી સોપાનની રચના કરવામાં આવેલ છે. કુંડની દિવાલોમાં કોઈ વિશેષ રૂપાકંન જોવા મળતું નથી.

આ સ્મારક તેની નિર્માણશૈલીના આધારે ૧૫ મા શતકનું હોવાનું જણાય છે.

**જૈન મંદિર નં. ૧**

લાખેલા જૈન મંદિર તરીકે પરિચિત એવા કુલ ત્રણ જૈન મંદિરોના સમૂહ અંહી આવેલો છે. જેમાં જૈન મંદિર નં. ૧ અન્ય બે મંદિરો કરતાં વિશાળ વ્યાપ ધરાવે છે.

પશ્ચિમાભિમુખ આ મંદિર પ્રાકારયુક્ત છે. મંદિર ગર્ભગૃહ, અંતરાલ, ગુઢમંડપ, ત્રિકમંડપ, સભામંડપ, પ્રવેશચોકી તેમજ બલાનક જેવા અંગો સાથે સંકળાયેલ છે, બે મજલા ધરાવતા ગર્ભગૃહનું શિખર ઉરઃશૃંગ, પ્રત્યંગા શૃંગિકા વગેરેથી આચ્છાદિત શિખરાન્વિત પ્રકારનું આ શિખર આમલસાર અને કશથી વિભુષિત કરાયેલ છે. જંઘાના ખત્તકો શીલ્પવિહિન તેમજ તદન સાદા છે. ગર્ભગૃહમાં કરાયેલ ઝરૂખાની રચના વિશેષ ધ્યાનાકર્ષક લાગે છે. ત્રિકમંડપ અને સભામંડપની દિવાલોમાં પથ્થરની અલંકૃત જાળીઓની રચના કરવામાં આવેલ છે. આ જાળીઓમાં સ્વસ્તિકાકૃતિ, ઘટપલ્લવ, વિવિધ પુષ્પાકૃતિઓ, ફુલવેલ, નર્તકીઓ, પંખીઓ, સર્પાકૃતિઓ, વ્યાલ જેવી ભાતોનું કલાત્મક અલંકરણ જોવા મળે છે. સભામંડપની કરોટનો આંશિક ભાગ જળવાયેલો છે. જેનાં વિવિધ થરો કે જે રત્નભાત, હંસાવલી, ઉર્ધ્વ પદ્માર્કન જેવી વિવિધ ભાતોથી અલંકૃત કરવામાં આવેલ છે. ત્રિકમંડપની કરોટમાં સક્કરપારા ભાત, હંસાવલી, કિર્તિમુખ તથા વાદકોનું સંયુક્ત અંકન, ગજતાલુ, લુમા તથા મધ્યમાં ઉર્ધ્વ પદ્મભાત કંડારેલી છે.

ગુઢ મંડપની ત્રિશાખા ધ્વારશાખમાં યક્ષિણી પદ્માવતીની પ્રતિમાઓ તેમજ લલાટબિંબ માં પાર્શ્વનાથની પ્રતિમા અંકિત કરેલ છે. તેની ઉપરનો પટ્ટ મલાધરોથી અલંકૃત છે. ગુઢમંડપમાં ભૂમિગૃહમાં જવા માટેની રચના કરવામાં આવેલ છે. મંડપના મિશ્ર ભાતના સ્તંભો ઘંટાસાંકળી, કંદોરાભાત ગ્રાસપટ્ટી થી વિભૂષિત છે.

સ્થાપત્યકલાના વૈશિષ્ટ્યાને કારણે વિશિષ્ટ લક્ષણો ધરાવતુ આ પ્રાસાદ ઈસુના ૧૫મા શતકનું હોવાનું જણાય છે.

**જૈનમંદિર નં ૨**

ઈંટેરી અને પથ્થરના મિશ્ર બાંધકામવાળુ આ મંદિર પશ્ચિમાભિમુખ છે. ગર્ભગૃહ, અંતરાલ અને મંડપ જેવાં અંગો ધરાવતુ આ ત્ર્યંગી પ્રકારનું છે. મંડપના પ્રવેશદ્વારના લલાટબિંબમાં મધ્યે તિર્થંકર પાર્શ્વનાથની પ્રતિમા તથા ઉદુમ્બરના બંને છેડે કંસર તથા તેની બાજુમાં પણ આ પ્રમાણેનું જ તક્ષણકાર્ય જોવા મળે છે. મંડપ ઉપરનું છાવણ કાળક્રમે નાશ પામેલ છે. ગર્ભગૃહની જંઘાના ઉદ્‌ગમમંડિત ગવાક્ષ પણ શિલ્પવિહિન છે. શિખરનો દક્ષિણ તરફનો આંશિક ભાગ જ હાલમાં વિદ્યમાન છે.

**જૈનમંદિર નં. ૩**

આ મંદિર પણ પશ્ચિમાભિમુખ, ઈંટેરી-પથ્થરનું મિશ્ર બાંધકામવાળુ અને ત્ર્યંગી પ્રકારનું છે. મંડપની ધ્વારશાખામાં નીચે ઈન્દ્રને રક્ષકદેવ તરીકે દર્શાવેલ છે. તેની ઉપર ભદ્રાદી શાખમાં યક્ષિણીઓનું શિલ્પાંકન છે.જ્યારે ગર્ભગૃહની ધ્વારશાખમાં કર્ણશાખમાં નાની દેરીઓની પ્રતિકૃતિઓ કંડારેલ છે. તેમજ ભદ્રાદીભાગ રૂપકામ રહીત છે. મંડોવરમાં કુંભકમાં અર્ધપર્યંકાસનસ્થ અંબિકા, ચક્રેશ્વરી તથા પદ્માવતી વગેરે યક્ષિણિઓ છે. જંઘામાં કોઈ વિશેષ રૂપાંકન નથી. ઉદ્‌ગમમંડિત ગવાક્ષ શિલ્પરહિત છે. ગર્ભગ્રહની ઉપરના શિખરનો સ્કંધ સુધીનો ભાગ જળવાયેલ છે. શિખરાન્વિત પ્રકારનું નાગરશૈલીનું આ શિખર પાંચાડી છે.

ઉપરોક્ત બંને મંદિર નં. ૨ અને ૩, ૧૫મા શતકમાં બંધાયેલ હોવાનું જણાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માતૃપૂજાનો ઉદ્‌ભવ અને તેના પુરાતત્ત્વીય પ્રમાણો

-ડૉ. આર.ટી.સાવલિયા*

કોઈપણ દેશની સંસ્કૃતિનો અંદાજ કાઢવો હોય તો તે દેશમાં સ્ત્રીનું શું સ્થાન છે તેના પરથી આવે છે. સાથે આદિકાળમાં તેની સ્થિતિ કેવી હતી અને ઉત્તરોત્તર કયા ફેરફારો થતા ગયા તે જાણવું આવશ્યક છે. આ દષ્ટિએ ભારતીય સંસ્કૃતિમાં વેદકાલથી માંડી આજ દિન સુધી નારીનાં અનેક સ્વરૂપો અને તેના સ્થાન વિશેની માહિતી સાહિત્યિક પુરાવશેષીય પુરાવાઓને આધારે મળે છે.

ભારત ધર્મ પરાયણ દેશ હોવાથી એમાં અનેક ધર્મ-સંપ્રદાયો તેમજ અનેકવિધ દેવી-દેવતાઓની ઉપાસના થતી જોવા મળે છે. પ્રાચીનકાળમાં પ્રકૃતિના દરેક તત્ત્વમાં જોવા મળતી વિશિષ્ટ શક્તિને કોઈ દેવતા સ્વરૂપે ગણવામાં આવતી. આમાં માતૃ-દેવતાની કલ્પના જગતમાં વધુ પ્રાચીન હોવાનું જણાય છે. ભારતમાં પણ શક્તિને માતૃસિધ્ધાંત સાથે સાંકળવામાં આવે છે. તેથી સ્વાભાવિક રીતે જ તે દેવીનો સંપ્રદાય "માતૃદેવી"ના સંપ્રદાય સાથે ઐક્ય ધરાવે છે. આદિમાનવ સમાજોમાં ખાસ કરીને નૂતન પાષાણયુગી સમાજોમાં સ્ત્રીઓનું સ્વાભાવિક રીતે પ્રાધાન્ય હતું. ગોર્ડન ચાઈલ્ડ કહે છે તેમ, નૂતન પાષાણયુગમાં અનાજ-ઉત્પાદન, વાસણ બનાવવાં, પશુપાલન, દૂધ દોહવું વગેરે કાર્યો સ્ત્રીઓએ શરૂ કર્યા હતાં. આથી સ્વાભાવિક રીતે સ્ત્રીત્વના સૌથી અગત્યના પાસારૂપ માતાને પૃથ્વી(પ્રકૃતિ) સાથે એકરૂપ ગણવામાં આવી. આમ બંનેનો ફલદુપતાની જનેતા તરીકે સ્વીકાર કરવામાં આવ્યો. બીજી બાજુ દેવો દ્વારા સર્જન, પાલન અને સંહારની સ્વાભાવિક પરિકલ્પના પણ ઊભી થઈ અને એ કલ્પનાને પણ શક્તિના સિધ્ધાંતમાં લાગુ કરીને દેવો પોતાની શક્તિ દ્વારા સૃષ્ટિ, પાલન અને સંહાર કરે છે તેમ મનાયું. વસ્તુતઃ શક્તિ જે દેવતાને પ્રવૃત્ત કરે છે તેમજ તેમને સમર્થ બનાવે છે તેવી દઢ માન્યતા પ્રવર્તી.[૧]

પુરાવાઓ પરથી એમ સ્પષ્ટ જણાય છે કે અન્ય દેવતાઓની તુલનામાં શક્તિની ઉપાસના વધુ પ્રાચીન હોય. નૂતનપાષણયુગથી માણસ શક્તિને માતૃદેવી તરીકે પૂજતો હોવાનાં પ્રમાણો સીરિયા, એશિયા માઈનોર, પેલેસ્ટાઈન, સાયપ્રસ અને ઈજિપ્તમાંથી મળી આવ્યા છે. ભારતમાં એનાં સીધાં પ્રમાણ મળ્યાં નથી, પણ અહીં આ પૂજા નૂતનપાષાણયુગમાં પણ પ્રચલિત હોવાનું એ પછીના હડપ્પીય સભ્યતામાંથી મળતા સંખ્યાબંધ પુરાવાઓથી અનુમાની શકાય છે. માતૃદેવી કે દેવીમાતાની પૂજાનો ઉદ્‌ભવ ખરેખર કયે સ્થળે થયો હશે તે બાબત નિશ્ચિત થઈ શકી નથી. પરંતુ સરજૉન માર્શલે એમ સૂચવ્યું છે કે મળતા પુરાવાને આધારે સિંધુ અને નાઈલ નદીના પ્રદેશ વચ્ચે જોવા મળતો એનો વ્યાપક પ્રચાર એ બાબતમાં સૂચક ગણાય.[૨]

હડપ્પીય સભ્યતા (ઈ.સ.પૂ.૩૫૦૦-ઈ.સ.પૂ.૧૫૦૦)ના અવશેષોમાંથી માતૃપૂજાને લગતા અવશેષો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થયા છે. આ સભ્યતા તેમ જ એની પહેલાંની બલુચિસ્તાનની ઝૂકર, ઝાંગાર વગેરે પ્રાક્‌હડપ્પીય સભ્યતાઓમાંથી મળેલ માટીની પકવેલી સ્ત્રી મૂર્તિઓની આકૃતિઓનો પૂજા ઉપાસનામાં પ્રયોગ થતો હોવાનું જણાયું છે. તે પરથી ભારતમાં માતૃપૂજા લગભગ છેલ્લાં પાંચ-છ હજાર વર્ષોથી પ્રચલિત હોવાનું કહી શકાય.

## પુરાતત્ત્વીય પ્રમાણો :

ભારતમાં માતૃદેવીની મૂર્તિઓ ઈ.સ.પૂર્વે ૪થી અને ૩જી શહસ્ત્રાબ્દીની મળે છે. અલબત્ત, ઘાટ-ઘૂટમાં શરૂઆતની મૂર્તિઓ અણઘડ લાગે છે. પણ ધીમે ધીમે તેમા સુડોળતા અને ચારુતા ઉમેરાતા જણાય છે. આ બધી જ માટીની પક્વમૂર્તિઓની નોંધપાત્ર વિશેષતાઓ એ છે કે એ પૂર્ણ નગ્નાવસ્થા ધરાવે છે. એમાં જનનેન્દ્રિય અને સંમુનત સ્તનોનું

★ અધ્યાપક, ભો.જે.વિદ્યાભવન, આશ્રમ રોડ, અમદાવાદ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશેષ પ્રદર્શન કરેલું હોય છે. પગ નીચે પૂર્ણ વિકસિત કમળનું આલેખન કરેલું હોય છે. હાથની સ્થિતિમાં સાધારણ રીતે બે હાથ ઉપર ઊઠાવેલા કે અંદર વાળીને સ્તનોને ગ્રહણ કરતા બતાવાય છે. કેટલીક માતૃદેવીઓની કેડમાં બાળક તેડેલું હોય છે.[3]

ઐતિહાસિક કાલમાં મથુરામાંથી મળેલી પ્રાચીન માતૃમૂર્તિઓ ઉપર્યુક્ત તામ્રપાષાણયુગની પ્રતિમાઓ સાથે સામ્ય ધરાવે છે. જૂનામાં જૂની પ્રતિમાઓ, શૈશુનાગ-નંદકાલની એટલે કે ઈ.સ.પૂ. પાંચમી-ચોથી સદીની મળે છે. જે "શ્રી ચક" સ્વરૂપની છે. આવા શ્રીચક્ર ભૂખરા કે સફેદ રંગના બનાવેલા વૃત્તાકાર કે ચપટા ઘાટની તકતીઓ પર નજરે પડે છે. તેમાં વચ્ચે પહોળુ કાણું હોય છે એ કાણાં અને કિનારીની વચ્ચે માતૃદેવીની આકૃતિ હોય છે જેને ફરતી ચોતરફ ફૂલવેલ, વૃક્ષની ડાળીઓ કેપ્રાણીઓના રેખાંકનો કરેલા હોય છે. માટીની આ પ્રકારની તકતીઓ મથુરા, રાજઘાટ, સંકિસા, બસાઢ, તક્ષશિલા, પટના, લોરીયા નંદનગઢ વગેરે સ્થળોએથી મળી છે.[૪] આમાં મથુરામાંથી પ્રાપ્ત થયેલી તકતીઓ પૈકીની કેટલીક કલકત્તાના રાષ્ટ્રિય સંગ્રહાલયમાં સુરક્ષિત છે. એ પૈકીની એકમાં સમપાદમાં ઊભેલ દ્વિભુજ માતૃદેવીની બંને બાજુએ તાલવૃક્ષ, પ્રાણી, વ્યાલ, પક્ષી વગેરેના અંકન છે. તો બીજી એક તકતીના મધ્યમાં અંકિત કરેલા અષ્ટદલ કમળના પ્રાંતભાગમાં આઠ સ્ત્રી આકૃતિઓ કરી છે, જે અષ્ટમાતૃકાઓનું સૂચન કરતી જણાય છે. તેમના હાથ વિવિધ મુદ્રાઓમાં છે. ત્રીજી તકતીની મધ્યમાં કાણાની ચોપાસના વર્તુળમાં પ્રફુલ્લિત પદ્મકોષ છે. એમાં કિનારીના વર્તુળમાં ચાર પશુઓ સિંહ, હરણ, વૃષભ, સાબર ચાર દિશામાં અંકિત કરેલાં છે. પશુઓની વચ્ચે વચ્ચે સ્ત્રી આકૃતિ છે, જેમાંની એક સ્ત્રીના હાથમાં ધનુષ-બાણ, બીજીના હાથમાં કટાર (એનો એક હાથ કટયવલંબિત સ્થિતિમાં છે), તથા ત્રીજીનાં હાથમાં ત્રિશૂલ અને વ્રજ જોવા મળે છે.

વારાણસી નજીકના રાજઘાટમાંથી પ્રાપ્ત તકતીઓ પૈકીની કેટલીક ભારત કલાભવનમાં સુરક્ષિત છે. એમાંની એકના આંતર્વર્તુલમાં ત્રણ માતૃમૂર્તિઓ, અને દરેક વચ્ચે એક એક લિંગ કોતરેલ છે. માતૃમૂર્તિઓની બંને બાજુએ સર્પનું આલેખન છે. બીજી એક તકતીમાં માતૃદેવીના શરીરનું મસ્તક તથા ઉર્ધ્વભાગ અંકિત કરેલ છે. એમાં તાલવૃક્ષ (તાલકેતુ)નું રેખાંકન પણ છે. અહીંની એક તકતીમાં ચાર માતૃદેવીઓ અને ચાર તાલવૃક્ષોનું એકાંતરે રેખાંકન છે. તાલવૃક્ષ સ્ત્રીની ગર્ભ ધારણ કરતી શક્તિનું પ્રતીક ગણાય છે. આ તકતીના બાહ્ય મંડલાકારમાં મગરનાં રેખાંકન છે. મગર પુરુષની વીર્યશક્તિનું પ્રતીક ગણાય છે.

રાજઘાટમાંથી પ્રાપ્ત અને લખનૌ સંગ્રહાલયમાં સુરક્ષિત કેટલીક તકતીઓ છે. જેમાંની એક તકતી ઘણી અગત્યની છે. એનાં આંતર્વર્તુલમાં એકાંતરે શ્રીવત્સનાં પાંચ ચિહ્ન અને મુચકુંદ પુષ્પના પાંચ અંકન છે. શ્રી વસ્તના ચિહ્ન શ્રીલક્ષ્મી સાથેના સંબંધનું સૂચક જણાય છે. બાહ્ય વર્તુલમાં એકાંતરે ત્રણ માતૃદેવી અને ત્રણ તાલવૃક્ષોનું અંકન છે. એમના દરેકના રૂપ-વિધાનમાં ફેર છે. એક માતૃદેવીના મસ્તક પરના કેશકલાપની પાસે ચંદ્રમાં અંકિત કરેલ છે. એની જમણી બાજુ એક મૃગ છે. આની સાથે નંદીપાદનું ચિહ્ન પણ છે. બીજી માતૃદેવીની જમણી બાજુ પક્ષી સાથેનું તાલવૃક્ષ છે. ત્રીજી માતૃદેવીના મસ્તક પર ઊષ્ણીષ અને બંને બાજુએ એક એક પશુ છે. એની સંમુખ સૂર્ય અને નીચે ચંદ્ર છે.

સંકિસામાંથી પ્રાપ્ત તકતીઓ પૈકીની એક પર ત્રણ માતૃદેવી, ત્રણ તાલવૃક્ષ અને ત્રણ નંદીપાદના અંકન નજરે પડે છે.

તક્ષશિલામાંથી પ્રાપ્ત થયેલ તકતીઓ પૈકીની એકમાં મધ્યકાણાની ત્રણ બાજુએ ત્રણ નગ્ન માતૃદેવીઓ અંકિત કરેલી છે. દરેકની વચ્ચે અગ્નિશિખામાંથી પ્રજ્જવલિત વેદીની રચના છે. માતૃદેવીની બંને બાજુએ એક એક સર્પ છે. બાહ્યમંડલમાં ચોકડાની ભાતની બેવડી મેખલા છે.

બસાઢમાંથી મળેલી આ પ્રકારની તકતીઓ હાલ પટના સંગ્રહાલયમાં છે.

પટનાનાં મૂર્તજીગંજના વિસ્તારમાંથી પ્રાપ્ત ૨૧ તકતીઓમાં તિર્થકરેખાઓ દ્વારા સાધેલા છ ચતુષ્કોણોવાળી તકતીઓ પૈકી ત્રણમાં માતૃદેવીનું આલેખન અને ત્રણમાં તાલવૃક્ષ છે. કિનારી પરના ત્રિકોણમાં એકાંતરે સર્પ અને



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પક્ષીનાં આલેખન છે.

લોરિયા-નંદનગઢ અને પીપરાવાના સ્તૂપની ધાતુગર્ભ-મંજૂષામાંથી પ્રાપ્ત થયેલા નમૂનાઓમાં સુવર્ણપત્ર પર અંકિત માતૃદેવીનું અંશમૂર્ત આલેખન ખાસ નોંધપાત્ર છે.[૫]

પ્રાચીન ભારતના કેટલાક સિક્કાઓ પર શ્રીલક્ષ્મી, ગજલક્ષ્મી આદિ કેટલાય સ્વરૂપો અંકિત થયેલાં જોવામાં આવે છે. પંચાલોમાં ભદ્રઘોષના સિક્કાઓ પર અંક્તિ કમલધારિણી દેવી એ સમયની પરિપાટી અનુસાર ભદ્રા કે લક્ષ્મી હોવી જોઈએ.[૬] કુણિન્દોના સિક્કા કોઈ દેવીની આકૃતિથી સુશોભિત છે, જેની પાસે મૃગ છે. ડૉ.બેનરજીએ એને પણ લક્ષ્મી હોવાનું માની છે.[૭] પરંતુ એ શિવપત્ની પાર્વતી કે દુર્ગાનું હોવાનું કુણિન્દોના સિક્કાઓ પર મળેલ શિવની આકૃતિને આધારે જણાય છે.[૮] વળી શિવનો મૃગ સાથેનો સંબંધ પણ અન્ય પ્રાચીન સિક્કાઓથી પણ જ્ઞાત થાય છે.

કુષાણકાલીન સિક્કાઓ પર અંકિત દેવીઓમાં નાના કે નનૈયા તથા આરદોક્ષો મુખ્ય છે. હુવિષ્કના એક સિક્કા પર શિવની સાથે નાના[૧૧] તથા બીજા સિક્કા પર શિવ સાથે ઉમાનું અંકન જોવા મળે છે.[૧૨] કનિષ્કના સિક્કાઓ પર નાનાની આકૃતિ દ્વિભુજ દેખા દે છે.[૧૩] એના જમણા હાથમાં પત્ર અને ડાબા હાથમાં હરણ કે અશ્વની મુખાકૃતિથી અલંકૃત દંડ છે. તેના મસ્તક પર અર્ધચંદ્રની કલા જોવા મળે છે. હુવિષ્કના મોટા ભાગના સિક્કાઓ પર પણ આ પ્રકારનું આલેખન છે. પરંતુ એક સિક્કા પર એ દેવી એક હાથમાં ધનુષ ધારણ કરતી અને બીજા હાથે પીઠ પર બાંધેલ ભાથામાંથી તીર કાઢતી જોઈ શકાય છે.[૧૪] હુવિષ્કના એક બીજા સિક્કામાં તે પશુ અંકિત દંડ સાથે સિંહ પર બેઠેલ દષ્ટિગોચર થાય છે.[૧૫] વાસુદેવના સિક્કાઓ પર પણ દ્વિભુજ નાના[૧૬] ઊભેલી જોવા મળે છે.

નાનાને દેવી અરટેમિસની પર્યાય કહેવામાં આવી છે. અરટેમિસ મૃગયા કે શિકારની દેવી છે. એટલા માટે હુવિષ્કના સિક્કા પર આપણે નાનાને ધનુષ-બાણ ધારણ કરતી જોઈએ છીએ. નાનાનાં મુખ્ય લક્ષણ, એના મસ્તક પર ચંદ્ર, હાથોમાં પાત્ર તથા પશુમુખની આકૃતિથી અંકિત દંડ તથા વાહન તરીકે સિંહ છે. ઉપર્યુક્ત કુષાણકાલીન સિક્કાઓ પર આ લક્ષણો જોવા મળે છે. પ્રો.રોઝેનફીલ્ડે નાના સાથે સંબંધિત સંપ્રદાય તથા તેના મૂર્તિ-વિજ્ઞાનની વિસ્તૃત ચર્ચા પોતાના ગ્રંથ "The Dynastic Art of the Kushanas"માં કરી છે.[૧૭] એવું લાગે છે કે લક્ષણ-સાદૃશ્યના આધારે "નાના" ભારતીય ક્ષેત્રમાં શિવપત્ની "ઉમા"નું સામીપ્ય પામી ગઈ, અને એ સ્વરૂપમાં એનું કેટલાક કુષાણ સિક્કાઓ પર અંકન પણ થયું. સિંહવાહિની દુર્ગાનો પણ કદાચિત આ આધાર રહ્યો.

મિત્ર-રાજાઓના સિક્કાઓ પર પણ કેટલીક દેવીઓના અંકન જોઈ શકાય છે. એમાં ફલ્ગુનીમિત્રના સિક્કા ઉલ્લેખનીય છે. અહીં કમળ ઉપર ઊભેલી તથા ઊઠાવેલા ડાબા હાથમાં ત્રણ પત્રયુક્ત વૃક્ષડાળી જેવી કોઈ વસ્તુ લઈ એક દેવી છે. એનો જમણો હાથ કટિ-વિન્યસ્ત છે.[૧૮]

કેટલાક લોકોએ એને પૂર્વા કે ઉત્તરા ફાલ્ગુનીના રૂપમાં ઓળખાવવા પ્રયત્ન કર્યો છે. એને મળતી બે કુષણકાલીન મૂર્તિઓ મથુરામાંથી પ્રાપ્ત થઈ છે.[૧૯] જે બંને દ્વિભુજ છે. એમાં ડાબો હાથ અભયમુદ્રામાં ઊઠાવેલો છે. જમણા હાથે ખભા પર ટેકવેલ પત્રોવાળી વૃક્ષની ડાળીઓ જવી કોઈ વસ્તુ પકડી છે. આ મૂર્તિઓની ઓળખ આજ સુધી થઈ શકી નથી. સંભવ છે કે આ વૃક્ષશાખા ન હોય પણ નિધિશૃંગ (Coruucopia)નો કોઈ પ્રકાર હોય. સાધારણ રીતે એ દેવી આરદોક્ષોના હાથમાં જોવા મળે છે.[૨૦]

કુષાણ-રાજા વાસુદેવના સિક્કાઓ પર આરદોક્ષોનું અંકન પ્રચુર પ્રમાણમાં મળે છે. તે કનિષ્ક અને હુવિષ્કના સિક્કાઓ પર પણ નજરે પડે છે. અહીં તે ડાબા હાથમાં નિધિશૃંગ લઈને ઊભેલી છે. વાસુદેવના સિક્કાઓ પર તે જમણા હાથમાં નિધિશૃંગ અને ડાબા હાથમાં પાશ ધારણ કરી ઊંચી પીઠિકાવાળા આસન પર બેઠેલી દષ્ટિગોચર થાય છે.[૨૧] ઉત્તર કુષાણકાલીન સિક્કાઓમાં પણ એનું આ જ સ્વરૂપ દેખા દે છે. આ માટે પ્રો.હર્ટલે સોંખ (મથુરા)માં કરેલ ઉત્ખનનમાંથી પ્રાપ્ત એક ઉત્તરકાલીન તામ્રમુદ્રાનો ઉલ્લેખ કરવો આવશ્યક છે, એના પર આસનસ્થા આરદોક્ષોના પગ નીચે પૂર્ણ વિકસિત કમળ બનાવેલું છે. આરદોક્ષોના ભારતીયકરણની તે પ્રાથમિક સીડી છે. આ જ સ્વરૂપ ગુપ્ત સમ્રાટ સમુદ્રગુપ્તના



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રારંભિક સુવર્ણના સિક્કાઓ પર પણ જોવા મળે છે. પરંતુ અહીં દેવીનું આરદોક્ષો નામ લુપ્ત થયેલું છે. કારણ કે હવે તે લક્ષ્મીના સ્વરૂપમાં અવતરિત થઈ છે. જેવી રીતે નાના સિંહવાહિની દુર્ગામાં પરિવર્તન પામી તેવી રીતે આરદોક્ષો લક્ષ્મીમાં પરિવર્તન પામી હોવાનું જણાય છે.[૨૨]

ગુપ્તકાલીન સિક્કાઓ પર કમલાસના લક્ષ્મી અને સિંહવાહિની દુર્ગાની સુંદર આકૃતિઓ મળે છે, જે એ કાલની પ્રતિમાઓમાં પણ જોવા મળે છે.

શુંગકાલથી અર્થાત્ ઈ.પૂ.બીજી સદીથી લક્ષ્મી અને ગજલક્ષ્મીની પ્રતિમાઓ મળવા લાગે છે. કુષાણકાલીન કલામાં વિશેષતઃમથુરાકલામાં દેવીઓનું પ્રાચુર્ય જોવા મળે છે.

કુષાણકાલની માથુરીકલામાં જે દેવીઓમાં લક્ષ્મી અને તેના રૂપ, વસુધારા, એકાનંશા, માતૃકાઓ, ષણ્મુખી કે ષષ્ઠી, પાર્વતી, સિંહવાહિની, મહિષમર્દિની દુર્ગા, તપસ્વિની પાર્વતી, સરસ્વતી વગેરેની પ્રતિમાઓ મળે છે. ગુપ્તકાલમાં કેટલીક તો, જેવી કે વસુધારા, ચંદ્રદેવી વગેરે લુપ્ત થઈ જાય છે. પણ સ્કન્દમાતા, સપ્તમાતૃકાઓ વગેરેનો નવીન ઉદય થાય છે તથા લક્ષ્મી, સિંહવાહિની, મહિષમર્દિની વગેરેની લોકપ્રિયતામાં વધારો થાય છે.[૨૩]

**પાદટીપ**

૧. B.P. Sinha, 'Evoluation of Śakti worship in India' Śakti Cult and Tura', P.45

૨ . Ibid, P.46

૩. नी.पु. जोशी, "प्राचीन भारतीय मूर्तिविज्ञान, " पृ.११३

૪. પ્ર.ચિ.પરીખ, "ભારતીય પ્રાચીન શિલ્પકલા", પૃ.૩૮, વધુ વિગતો માટે જુઓ "भारतीय कला" (वा.श.अग्रवाल) पृ.१०६-११३

૫. પ્રવીણચંદ્ર ચિ. પરીખ, ઉપર્યુક્ત, પૃ.૩૮-૪૧

૬. J.N.Banerjee, 'Development of Hindu Iconography, P.133

૭. Ibid. P.134

૮. Ibid. P.118

૯. Ibid. P.136

૧૦. Ibid., PP.134-135

૧૧. Rosenfield 'The Dynastic Art of the Kushanas'(DAK), Pl.VIII, P.165

૧૨. DAK, Pl. VIII, P.166

૧૩. DAK, Pl.VII, P.134, P.83

૧૪. DAK, Pl.VII, P.141

૧૫. DAK, Pl.VII, P.142

૧૬. DAK, Pl.VII, P.148

૧૭. DAK, PP.85-90.

૧૮. DAK, P.137

૧૯. મથુરા સંગ્રહાલય નં.૫૬-૪૨૦૭

૨૦. DAK, PP.74

૨૧. Ibid., Pl. XII, PP.237-40.

૨૨. સમગ્ર ચર્ચા માટે જુઓ 'प्राचीन भारतीय मूर्तिविज्ञान' (नी.पु.जोशी), पृ.११८

૨૩. नी.पु.जोशी, 'उपर्युक्त,' पृ.१२०



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કચ્છના ભગ્ન મંદિરોમાં સચવાયેલો શિલ્પ-સ્થાપત્યનો વારસો

– નરેશ અંતાણી

ભારતીય સંસ્કૃતિના એક અંગરૂપ ગુજરાતના પુરાતત્ત્વ, સંસ્કૃતિ શિલ્પ અને સ્થાપત્યના ઇતિહાસમાં કચ્છનું પ્રદાન અનેરૂં છે. આપણા ઇતિહાસની તવારીખના અને પુરાવાઓ પ્રમાણે કચ્છની માટી મળે છે કે, હંમેશા યાયાવર ટાળાંઓ અને નિર્વાસીતોએ કચ્છને પોતાનું આશ્રય સ્થાન બનાવ્યું છે. છેક પ્રાગઐતિહાસિક કાળથી આધુનિક કાળ સુધી આ સિલસિલો ચાલુ રહેલો જોવા મળે છે પરિણામે અપૂર્વ અને અખંડ સંસ્કૃતિનું અહીં નિર્માણ થયું છે. કચ્છમાં પણિઓ, અંધકો, ભોજો, નાગો, મૌર્યો, ક્ષત્રપો, આભિરો, સૈન્ધકો, ચાવડાઓ, સૌલંકીઓ અને છેલ્લે સમાવંશના જાડેજાઓ એ રાજ કર્યું છે. તો કચ્છના સાહસિક સાગર ખેડૂઓએ મૂલકનો કોઈપણ પ્રદેશ જોવાનો બાકી રાખ્યો નથી. કચ્છી બાંધણીવાળા વહાણોની માંગ છેક, અરબસ્તાન, ઈરાક અને યુરોપના બંદરો સુધી રહેતી. પણિઓએ કચ્છમાં શિખેલો વહાણવટાનો ધંધો લેબેનોનમાં સ્થાપ્યો હોવાનું કહેવાય છે. વિવિધ પ્રજાઓના વસવાટને કારણે કચ્છમાં શિલ્પ અને સ્થાપત્યકળાનો વિકાસ ખુબ સુંદર થયો હતો તો કચ્છના વેપારીઓ-કારીગરો દક્ષિણના જાવા, સુમાત્રા કે કંબોજ જેવા સ્થળોમાં જતા ત્યાંના શિલ્પસભર મંદિરો તેઓએ જોયા પછી આ કલા કચ્છમાં પણ વિકાસ પામી હશે અને તેથી જ કચ્છના મંદિરોના શિલ્પમાં દક્ષિણ તથા મહારાષ્ટ્રના મંદિરોની કલાના દર્શન થાય છે. કચ્છમાં ઠેર-ઠેર ભગ્નાવસ્થામાં રહેલાં મંદિરોમાં કચ્છની બેનમૂન શિલ્પ-સ્થાપત્ય કળા આજે સચવાયેલી જોવા મળે છે. જો કે કાળની થપાટો અને માનવીય ક્ષતિઓને કારણે તે નષ્ટ થઈ રહેલાં છે. ત્યારે તેના રક્ષણ અને જતનની આપણા પર મોટી જવાબદારી છે.

કચ્છના કારીગરોએ આ મંદિરોમાં અતિબારીકાઈથી સુંદર શણગાર સજર્યો છે. કોટાયના હાલે ઊભેલાં મંદિરની કલાકૃતિઓ બેજોડ છે. કચ્છમાં ઠેર-ઠેર શિલ્પ-સ્થાપત્યના દર્શન થાય છે. ખાવડા પાસે દિનારાગામના કબ્રસ્તાનમાં એક તૂટેલાં મંદિર શિલ્પથી ભરપુર અવશેષો જોવા મળે છે. આશરે દશેક સૈકા જૂનુ આ મંદિર હોવાનું તથા આ મંદિર કાઠીઓએ બનાવ્યું હોવાનું અનુમાન છે. કેમકે અગાઉ આ સ્થળે કાઠીઓ રહેતા હતા. લોકોને ખુબજ ત્રાસ આપતા આ કાઠીઓને લાખા ફૂલાણીએ કાઢી મૂક્યા હતા. તેમ છતાં આ કાઠીઓએ કચ્છમાં ઠેર-ઠેર તળાવો બંધાવ્યાં હતા તેથી માનવાને કારણ છે કે, તેમણે મંદિરો પણ બનાવ્યા હશે. કોટાયનું લુપ્ત મંદિર આ કાઠીઓએ બંધાવ્યાનું કહેવાય છે. આ કાઠીઓની વસાહતો ભુજના પાવરપટ્ટી વિસ્તારમાં તથા વાગડમાં કંથકોટ પાસે હતી.

કચ્છમાં બીજાથી ચોથા સૈકા દરમ્યાન ક્ષત્રપોનું શાસન હતું. આ સમય દરમ્યાનનું એક શિલ્પ સભર મસ્તક લખપત તાલુકાના દોલત પર ગામેથી મળેલું છે. હાલે તે કચ્છ મ્યુઝિયમમાં છે. પહોળી આંખો, મોટાં કાન, લંબગોળ મોઢું, શિર પર ટોપી ઘાટનો સુંદર કોતરણીવાળો મુકુટ, કાનમાં આભૂષણ આમ આ મસ્તક કચ્છની ક્ષત્રપકાલીન શિલ્પકળાને છતી કરે છે.

ભુજ-નખત્રાણાના માર્ગ ઉપર મંજલથી એકાદ કિલોમીટર દૂર પૂંઅરોગઢ, પૂઅરેશ્વર મહાદેવના નામથી ઓળખાતું પ્રાચીન શિવ મંદર આવેલ છે.

પૂઅરાગઢમાં “વડી મેડી” તરીકે જાણીતું લાલપત્થરની મોટી શિલાઓથી બનેલું બે મજલાનું સ્થળ આવેલું છે. તેની અંદર દાખલ થતાં જ તે શિવમઠ અથવા ખાખી બાવાઓનો અખાડો હોય તેમ જણાય છે. જોકે તે બૌધ્ધમઠ હોવાનું પણ અનુમાન વિદ્વાનો કરે છે. વડીમેડીની અંદર નાના મંદિરોના ગર્ભગૃહોમાં હોય છે તેવાં પત્થરના દ્વારો છે જે દરેકમાં સુંદર શિલ્પાંકન જોવા મળે છે. દક્ષિણ દિશાના દ્વારમાં પહોળા લાંબા પત્થર પર પોતાની ડાબી જાંઘ પર પત્નીને બેસાડેલ ગણપતિની સુંદર મૂર્તિ આવેલી છે. બાજુમાં લંગોટબંધ જટાધારી બાવાઓનું શિલ્પ છે. તેને ત્રિભંગ નૃત્ય કરતા પણ બતાવાયા છે. વડીમેડીના બીજા દ્વારો પણ સુંદર શિલ્પાંકન ધરાવે છે. મંદિરમાં દાખલ થવાના ભાગે ઓટલાઓ પરની

★ ૩/નાગરવંડી, ભૂજ-કચ્છ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છીપરો સુંદર કીર્તિમુખો અને ચૈત્યબારીઓથી અલંકૃત છે. તો કેટલાંક દ્વારો પર તોરણો પણ બનાવાયાં છે. આ સ્થળ દશમી સદીનું છે.

પૂંઅરોગઢની બહાર રસ્તા ઉપર પૂંઅરેશ્વર મહાદેવના નામે જાણીતું ભગ્ન શિવ મંદિર છે. મજબૂત પીળા અને લાલ પત્થરનું બનેલું આ મંદિર પણ દશમી સદીનું જ છે. અહીં મહાકાય કીચકો, તોરણો અને ચૈત્યબારીઓ સુંદર રીતે અલંકૃત કરવામાં આવ્યા છે. ધરતીકંપ જેવા કારણોસર આ મંદિર પડી ગયું હતું અને પાછળથી ઊભું કરવામાં આવેલું છે. પણ મંદિરની આસપાસ છૂટા પડી ગયેલા પત્થરો પરનું શિલ્પ મંદિરની ભવ્યતા સૂચિત કરે છે. હાલની શિવની પીઠીકા ઊંચી એન પહોળી છે. મંદિર પશ્ચિમાભિમુખ છે તેની સાથે પૂંરોગઢ છે. ઇતિહાસવિદ્ સ્વ.શ્રી કંચનપ્રસાદ છાયા એ આ મંદિરને જામ પૂંઅરાથી અગાઉના સમયનું એટલે કે, ૮મી સદીનું કહેલ છે. આ મંદિર કચ્છમાં શિવ સંપ્રદાયનું પ્રાબલ્ય સૂચવે છે. ગુજરાત પહેલાં ચાવડાઓ કચ્છના શાસકો હતા. આ ચાવડા શૈવધર્મી હતા તેથી સંભવ છે કે, તેમના સમયમાં આવા બીજા મંદિરો પણ હશે.

ભુજ તાલુકાના કોટાય ગામ પાસે આવેલ અણગોરગઢની ગોદમાં આજથી સવાસો વર્ષ પહેલાં ચાર શિલ્પસભર મંદિરો હોવાનું જેમ્સ બર્જેસે ૧૮૭૪ના પોતાના પુરાતત્ત્વીય સર્વેક્ષણ અહેવાલમાં નોંધ્યું છે. પરંતુ તે પૈકી આજે તો ફક્ત એક જ મંદરિ ભગ્ન હાલતમાં છે. ભગવાન કોટયર્ક (સૂર્ય જે સ્થળે બરાબર કાટખૂણે આવે છે તે કર્કવૃત) એટલે સૂર્યનું મંદિર આ સ્થળે હતું. આ સૂર્યમંદિર આજે તો કાળનો ઘસારો ખાઈ નામશેષ ભંગાર બની ગયું છે. આ મંદિર પરથી જ ગામનું નામ કોટાય પડ્યું. હાલમાં જે એક મંદિર પશ્ચિમાભિમુખ ઊભેલું છે તે મંદિરમાં કયા દેવની સ્થાપના હતી તે કહી શકાતું નથી. જોકે તેને સ્વ.શ્રી રામસિંહજીભાઈ શિવ મંદિર ગણાવે છે. જ્યારે સ્વ.શ્રી કંચનપ્રસાદભાઈ તે મંદિર કોઈ દેવી મંદિર હોવાનું અનુમાન કરેલ છે. પોતાની આ માન્યતાનો આધાર આપતાં શ્રી કંચનભાઈએ જણાવ્યું છે કે "મંદિરની અંદર શંકરની જળાધાટીના કોઈ નિશાન નથી તેમ શિવ નિર્માલ્ય પસાર કરવાનું કોઈ સાધન દેખાતું નથી. મંદિરના દેવ-દેવીઓના શિલ્પમાં ખાસ કરીને દેવીઓને લગતાં શિલ્પો વધારે છે. ગર્ભગૃહની બહાર-અંદર અને છતના કીચકોમાં સ્રીકીચકોની સંખ્યા વધારે છે. તેમજ છતમાં રાસમંડળી અને નૃત્યમંડળી છે. તેમાં પણ બધી સ્રીઓ જ બતાવવામાં આવેલી છે. ગર્ભગૃહમાં કોઈ મૂર્તિ નથી સંભવ છે કે, મંદિર ભગ્ન થયાં પછી તેમાંથી ઉપાડી લેવાઈ હોય, જો આ મંદિર શિવનું હોય તો તેમા કોઈ નિશાન અપશ્ય હોય જ."

આ મંદિરમાં બન્ને પડખે એકેક ઝરૂખાબારી છે. સળંગ પત્થરમાંથી કંડારાયેલી આ બારાઆ આજે તૂટી ગઈ છે. સભામંડપ, વિશિષ્ટઘાટની બે ઝરૂખાવાળી સળંગ દિવાલથી બંધ કરાયેલો છે. સભામંડપની વચ્ચેના વિશિષ્ટ એવા ચાર સ્તંભો અને દિવાલ સાથે જડેલા બીજા સ્તંભોમાં આકારોની એકતાનતા સાચવી તેને વિવિધ સુંદર શિલ્પથી સજાવેલા છે. અંદરના આ શિલ્પમાં કેટલીક નૃત્ય મૂર્તિઓ તથા જળલહર કે પદ્મપુંજોનું શિલ્પ સુંદર છે. મંદિરની છત અંદરથી ચૈત્ય ઢબે બન્ને બાજુથી ત્રણ-ત્રણ ગોળ કમાનોથી ઉપસાવીને ગોળાકાર ઉચકાવેલી છે, અને સ્તંભો પર સિંહ-મુખોને કીચક આકારો મૂકી તે ઉપર છતને ટકાવીને આધાર અપાયેલો છે. છતમાં રાસ મંડળી અને પાંખડીએ પાંખડી બતાવી ઉપસાવેલા કમળોનું શિલ્પાંકન મનોહર છે. મંદિરની બહારના ભાગમાં દ્વાર પર કેટલીક ભવ્ય પ્રતિમાઓ છે. તો ભોંયતળિએથી શિખર સુધી મંદિરનું સ્થાપત્ય શિલ્પપ્રચૂર છે. પંકજપુષ્પો, પ્રાણીઓ, સુંદર અંગમરોડમાં લાવણ્યવતી રૂપસંદરીઓ અને અનેક પ્રસન્ન દેવમૂર્તિઓ ઘસાઈ અને તૂટી ગઈ હોવા છતાં તેમાની ભવ્યતા ડોકાયા વિના રહેતી નથી.

ભુજ તાલુકાના કેરા (કપિલ કોટ)માં પણ એક એક સુંદર શિલ્પસભર ભગ્ન મંદિર ઊભું છે. સંવત ૧૮૭૫ના ધરતીકંપે આ મંદિરને તોડી પાડ્યું છે. અહીંના આ શિવાલયને લાખેશ્વરના નામથી ઓળખવામાં આવે છે. શિવાલયને રા'લાખાએ બંધાવ્યું હોવાનું મનાય છે. પણ સ્વ.રામસિંહજી રાઠોડ અને શ્રીકંચનભાઈ છાયાના મતે મંદિરનું સ્થાપત્યરચના મંદિરને લાખાની પહેલાના સમયકાળમાં મૂકે છે. શક્ય છે કે રા'લાખાએ તેનો જિર્ણોધ્ધાર કર્યો હોય. ધરતીકંપમાં મંદિરનો ઘણોખરો ભાગ જમીનદોસ્ત થઈ ગયો પણ ગર્ભાગારના શિખર વગેરેનો ભાગ બચવા પામ્યો છે તે તેના શિલ્પ-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થાપત્યની ઉત્કૃષ્ટતાનો ખ્યાલ આપે છે. મંદિરની ઘસાયેલી અને ક્ષીણ થયેલી આકૃતિઓમાંથી પણ લાવણ્ય તરી આવે છે.

કેરાના આ મંદિરના ગર્ભાગારના શિખરની પશ્ચિમ અને દક્ષિણ એમ બે બાજુ હજી ઊભી છે. મંદિરનું શિખર ઊંચું છે. શિખરને ગોથીક સ્થાપત્યની રીતે પીરામીડ પ્રકારની ઢળતી છત બનાવવામાં આવી છે. અહીંની દિવાલોમાં મૈથુનશિલ્પો પણ દેખાય છે. સુંદર દેવ-દેવીઓના શિલ્પો ખૂબ જ આકર્ષક છે.

અંજારનું ભડેશ્વર અથવા ભટેશ્વરનું મંદિર પણ દશમી-અગ્યારમી સદીનું છે. અહીં પૂજા ચાલુ હોઈ તેને ભગ્ન મંદિરની વ્યાખ્યામાં મૂકાય તેમ નથી પણ આ મંદિરનું શિલ્પ ખૂબ સુંદર છે. કોટાય-કેરા પછીની શિલ્પની કક્ષામાં આ મંદિરને મૂકવામાં આવે છે. મંદિરની યોગ્ય માવજત જરૂરી છે નહીંતર તે ભગ્ન બની જશે અહીંનું શિલ્પ ચાલૂક્ય કાળનું દેખાય છે.

પૂર્વ કચ્છમાં ભચાઉ તાલુકાના કંથકોટમાં બે મંદિરો ભગ્ન દશામાં ઊભેલાં છે. અહીં શિલ્પાંકન પ્રમાણમાં ઓછું છે છતાં તૂટેલા પડેલા અવશેષોમાંથી પણ ઉચ્ચકક્ષાની કારીગરી દેખાય છે. એક મંદિર જૈનોના ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામીનું છે. આ દેરાસરમાંથી મળેલ શિલાલેખ મુજબ તે વિક્રમસંવત ૧૩૪૦માં બંધાયું છે. આ સમય જગડુશાનો છે.

કંથકોટ ઉપર બીજુ મંદિર સૂર્યમંદિર છે. જેમાં સૂર્ય ભગવાનની ભગ્ન મૂર્તિ બેસાડેલ છે. આ મંદિરને છેલ્લા સવાસો વર્ષથી સૂર્ય મંદિર તરીકે જ ઓળખવામાં આવે છે. પરંતુ તેની ગર્ભગૃહના દ્વારની પેનલમાં સાત નુનમૂર્તિઓ કંડારેલી છે. શ્રીકંચનપ્રસાદભાઈના મતે આ મંદિર પણ જૈન મંદિર જ છે. વળી અહીં કોતરાયેલ લેખમાં પણ દેવનાગરી શબ્દોમાં "જયતુ મહાપ્રભુ દેવશ્રીત્રિલોકે" એ સ્તુતિ વારંવાર આવતી હોઈ આ મંદિર પણ કોઈ તિર્થંકરનું જ હોવાનું અનુમાન કરાય છે.

રાપર તાલુકાના ગેડી ગામે પણ શિલ્પસમૃધ્ધ ભગવાન લક્ષ્મીનારાયણનું પ્રાચીન મંદિર આવેલું છે. આ મંદિર સંવત ૧૮૭૫ના ધરતીકંપમાં પડી ગયેલું અને તેનો જિર્ણોધ્ધાર સંવત ૧૮૯૭માં થયેલો. મૂળ શ્રીલક્ષ્મીનારાયણની ખંડિત પ્રતિમા મંદિરના ચોકમાં પડી છે. અહીં પ્રાચીનકાળમાં વિષ્ણુના દશવતાર વાળી સૂર્યની પૂજા થતી હતી. અત્યારે ત્યાં ચતુર્ભુજ વિષ્ણુની પ્રાચીન ખંડિત પ્રતિમા છે. અહીં વિષ્ણુના દશાવતારવાળી એક પ્રતિમા પડેલી છે. જેનું શિલ્પ ખુબ જ સુંદર છે. જેથી જણાય છે કે અહીં પ્રથમ સૂર્ય અને પછી વિષ્ણુની પૂજા થતી હતી. આ સિવાય કચ્છના વાગડ વિસ્તારના ખાંડેક અને માખેલ ગામોમાં સુંદર શિલ્પ સભર સૂર્ય પ્રતિમાઓ નાના ઘર જેવાં મંદિરોમાં બેસાડેલ છે. સંભવ છે કે, અગાઉ અહીં સુંદર નાના મંદિરો નિર્માણ પામ્યા હશે.

આમ સમગ્ર કચ્છમાં ફેલાયેલાં સુંદર શિલ્પ સભર ભગ્ન મંદિરો જોતાં એક કાળમાં કચ્છની જાહોજલાલી કેવી હશે તેની પ્રતિતી થાય છે. ઈસાની બીજી સદીથી કચ્છની શિલ્પકળા ખીલેલી દેખાય છે. ઉત્તર ગુજરાતના મંદિરોની તુલનામાં કચ્છના મંદિરો વધુ શિલ્પસભર દેખાય છે.

કચ્છના આ પ્રાચીન ભગ્ન મંદિરો તથા તેની પાસે વેર વિખેર પડેલા શિલ્પોનું જતન અને સાચવણી સમયસર કરવી જરૂરી છે. જેથી આપણી ભાવી પેઢી પ્રાચીન શિલ્પ વારસાથી પરિચિત થાય.

**સંદર્ભ :**


૧. રાઠોડ, રામસિંહજી કે. કચ્છનું સંસ્કૃતિ દર્શન (ઈ.સ.૧૯૫૯)

૨. આર્ટકલ્ચર એન્ડ નેચરલ હીસ્ટ્રી ઓફ કચ્છ (મ્યુઝિયમ બુલેટીન નં.૨૬) ૧૯૭૬-૭૭

૩. મંદિરોની પ્રત્યક્ષ મુલાકાત.


**આભાર :**


૧. સ્વ.શ્રી કંચનપ્રસાદ કે. છાયા

૨. ક્યુરેટર, શ્રી કચ્છ મ્યુઝીયમ, ભૂજ.




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતમાં જૈન મંદિર નગરો

– અઢિયા જયંતિલાલ બી.*

બ્રાહ્મણ સંપ્રદાયનું મુખ્યતમ "ધાર્મિકવાસ્તુ" 'મંદિર' નામે ઓળખાય છે. મૂર્તિ અને મૂર્તિપૂજાનાં ખ્યાલો ભારતમાં ઘણા લાંબા સમયથી અસ્તિત્વમાં હતાં, તેની પ્રતીતિ આપણને સિંધુખીણની સંસ્કૃતિમાંથી મળેલા માટી, પથ્થર અને ધાતુના શિલ્પો વડે થાય છે.

ભારતમાં મંદિર સ્થાપત્યનું પૂર્ણ વિકસીત સ્વરૂપ સદીના ઉતરાર્ધથી જોવામાં આવે છે. મંદિર જુદા જુદા વિભાગોનું બનેલું હોય છે.

એક જ સ્થળે, એક જ ધર્મને લગતાં ઘણા મંદિરોનો સમૂહ આવેલો હોય તેને "મંદિરનગરો" (Temples City) તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં જૈનોની વસ્તી વિપુલ પ્રમાણમાં છે. તેથી ગુજરાતના શહેરોમાં ગામડામાં તેમના ઘણા મંદિરો જોવા મળે છે. સોલંકીઓના સમૃદ્ધ અને બળવાન રાજયની છત્રછાયામાં જૈનોનું ધીમે ધીમે વર્ચસ્વ વધવા માંડ્યું અને ગુજરાત-સૌરાષ્ટ્રમાં અસંખ્ય જૈન મંદિરો ધર્મસ્થાનકો અસ્તિત્વમાં આવ્યા. આબુ, ગિરનાર, શૈત્રુંજય, જ્યાં જુઓ ત્યાં જૈન ધર્મનું પ્રાબલ્ય દર્શાવતા પર્વતની શોભામાં વૃદ્ધિ કરે એવા સંખ્યાબંધ જૈન મંદિરો શોભાયમાન છે.

**ગિરનાર :**

ગિરનારના પગથિયાં ચડી ઉપર જતાં દરિયાની સપાટીથી ૩૦૦૦ ફૂટ ઉપર સૌથી પહેલાં કોટનો દરવાજો આવે છે. આ કોટમાં જૈન દેરાસરો છે. ગિરનારની આ ટૂંકને નેમિનાથની ટૂંક તરીકે ઓળખવામાં આવે છે. આખી ટૂંકને ફરતો કોટ છે. ગિરનારનાં બધા દેરાસરોનો વહીવટ અમદાવાદની શેઠ કલ્યાણજી આણંદજીની પેઢી શેઠ દેવચંદ લક્ષ્મીચંદના નામે કરે છે.

**શ્રી નેમિનાથજીની મોટી ટૂંક**

ગિરનાર ઉપર જૈન મંદિરોમાં જૂનામાં જુનું નેમિનાથનું મંદિર છે. શ્રીકૃષ્ણના ભાઈ અરિષ્ટનેમિ જૈનોના ૨૨ મા તીર્થંકર ગણાય છે. તેમનો નિવાસ તથા નિર્વાણ તે પર્વત પર થયેલ હોવાથી જૈનો આ ટૂંકને નેમિનાથની ટૂંક (પર્વત) કહે છે. "પ્રબંધ ચિંતામણિ" પ્રમાણે રા'ખેંગારને જીતી જૂનાગઢ લીધા પછી સિધ્ધરાજે સૌરાષ્ટ્રના દંડનાયક તરીકે નીમેલા સજ્જન મહેતાએ સૌરાષ્ટ્રની ત્રણવર્ષની બધી ઉપજ ખર્ચીને ગિરનાર ઉપર નેમિનાથના લાકડાનાં મંદિરને સ્થાને પથ્થરનું સુંદર મંદિર બાંધ્યું છે. આ દેરાસર વિશાળ તથા રમણીય છે. આનો રંગમંડપ ૪૧ ૧/૨' પહોળો અને ૪૪ ૧/૨' લાંબો છે. ગર્ભગૃહમાં શ્રીનેમિનાથ ભગવાનની મનોહર પ્રતિમા બિરાજમાન છે. ગર્ભગૃહની આજુબાજુ પ્રદક્ષિણા પથ છે. તેમાં તીર્થંકર દેવો યક્ષ-યક્ષિણીઓની મૂર્તિ તથા સમેતશિખર, નંદીશ્વરદ્વીપ વગેરેને પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. આગળ સ્તંભાવલી યુક્ત વિશાળ મંડપ તથા તેના ઉપર સુશોભિત વિતાન છે. આ મંદિર તેના નકશીકામ માટે પ્રખ્યાત છે. સ્તંભો ઉપરની નકશી મંદિરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

ગિરનાર ઉપર વિ.સં.૧૨૮૮ના વસ્તુપાળ-તેજપાળના અનેક લેખો જોવા મળે છે, તેથી મંદિરનો જીર્ણોધ્ધાર તેમણે કરાવ્યો હોય તેમ જણાય છે. "વિવિધતીર્થકલ્પ"માં જણાવ્યા પ્રમાણે આ મંદિરનો સર્વપ્રથમ જીર્ણોધ્ધાર વિ.સં.૬૦૯ માં થયો હોવાનું નોંધાયેલ છે. ત્યારપછી સં.૧૧૧૫માં મંદિરોનો જીર્ણોધ્ધાર થયાનું મંદિરના સ્તંભ પરના લેખો પરની નક્કી થાય છે. વિ.સં.૧૧૮૫માં સિદ્ધરાજનાં મંત્રી સજ્જન શેઠે કાષ્ઠના અસલ મંદિરના સ્થાને પાષાણનું નવુ મંદિર બંધાવ્યું. સજ્જન શેઠ (મંત્રી) આ નવા પાષાણમંદિરને સિધ્ધરાજના પિતા કર્ણદેવના નામ પરથી "કર્ણ વિરાટ" નામ આપ્યું હતું. એ અંગેનો એક લેખ ડૉ.કાઉઝૈને મળ્યો હતો. જૂનાગઢના રાજા રા' માંડલિકે મંદિરનો જીર્ણોધ્ધાર સં.૧૨૭૦-

★ બી-૨૧, પ્રકાશનગર સોસાયટી, ચાંદલોડિયા, અમદાવાદ-૩૮૨૪૮૧.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩૧૬ના સમય દરમ્યાન કરાવ્યો હતો. તે અંગેનો પણ લેખ મળ્યો છે. ત્યારપછી આ મંદિરનો જીર્ણોદ્ધાર સોની સમરસિંહે, ૧૭માં સૈકામાં વર્ધમાન તથા ઈ.સ.૧૯૩૨માં નરસી કેશવજીએ કરાવ્યો હોવાનો શિલાલેખના પુરાવા મળે છે. આમ મંદિરનો વારંવાર જીર્ણોધ્ધાર-પુનરાવર્તનને કારણે તેનું અસલ સ્વરૂપ નાશ થયું છે. મંદિરની ફરતી ૮૪ દેરીઓ છે. તેમાં તીર્થંકરો, યક્ષયક્ષિણીની મૂર્તિઓ, સમેતશિખર, નંદીશ્વર દ્વીપ વગેરે મુખ્ય છે.

**માનસંગ ભોજરાજની ટૂંક**

શ્રી નેમિનાથ દાદાની ટૂંકની દરવાજાની સામે ભોજરાજની ટૂંક છે. આ મંદિરમાં મૂલનાયક શ્રી સંભવનાથ ભગવાનની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. મંદિરના ચોકમાં સૂર્યકુંડ આવેલો છે. આ કુંડ કચ્છ-માંડવીના વીસા ઓસવાલ માનસિંગે બંધાવેલ છે. દેરાસરનો જીર્ણોધ્ધાર માનસંગે કરાવેલો હોવાથી આ ટૂંક તેમના નામથી પ્રસિદ્ધ થઈ છે.

**મેડરવશીની ટૂંક**

આ મંદિરમાં સહસ્રાફણા (સો ફેણવાળા) પ્રાર્શ્વનાથજીની સુંદર પ્રતિમા બિરાજમાન છે. પ્રદક્ષિણા પથમાં અષ્ટાપદ પર્વતની રચના છે. આ ટૂંકનો જીર્ણોદ્ધાર સિધ્ધરાજના મંત્રી સજ્જને કરાવ્યો હતો.

થાણા દેવળીના ભીમા શેઠે અહીં કુંડ બંધાવ્યો હતો, અને અઢાર રત્નનો હાર પ્રભુજીને ધર્યો હતો.

**કુમારપાળ મહારાજની ટૂંક**

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજનાં ઉપદેશથી શ્રી કુમારપાળે ઈ.સ.૧૪૪૪ માં અહીં ભવ્ય મંદિરો બંધાવ્યા હતા. ગિરનાર પર્વત ઉપર પણ તેઓએ ભવ્ય મંદિર બંધાવ્યું હતું.

**વસ્તુપાલ તેજપાલની ટૂંક**

ગુજરાતના મહામાત્ય વસ્તુપાલ તેજપાલ બંધુઓનું નામ જૈન શાસનમાં અમર બની ગયું છે. તેમણે ટૂંક બંધાવી છે. આ ટૂંકમાં ત્રણ દેરાસરો છે. મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથજીની ભવ્ય મૂર્તિ છે. કુમારપાળે આ મંદિર સં.૧૨૮૮માં બંધાવ્યું હતું. તેની અસલ પ્રતિમા આદિશ્વરની છે. ભગવાન ઋષભદેવની પણ પ્રતિમા હતી. હાલની પ્રતિમાની મૂર્તિપદનો લેખ સં.૧૩૦૫નો છે. મંદિરની કોતરણી સુંદર અને મનોરમ્ય છે. મંદિરમાં પીળો આરસ તથા સળીના પથ્થરો વપરાયા છે. મંદિરનો રંગમંડપ ૨૯' પહોળો અને ૫૩' ઊંચો છે. આ ટૂંકમાં વસ્તુપાલ તથા તેજપાલનાં જીવનને લગતી તથા તેમના ધાર્મિક કાર્યો તેમજ કુટુંબ વગેરેની માહિતીને લગતો શિલાલેખ અંકિત થયેલો છે. આ ટૂંક ખાસ દર્શનીય છે. બે બાજુએ સમવસરણ તથા મેરુ પર્વતની આરસ ઉપર રચના છે.

**સંપ્રતિ મહારાજની ટૂંક**

મૌર્યવંશી અશોકનાં પૌત્ર મગધ સમ્રાટ પ્રિયદર્શી શ્રી સંપ્રત્તિ મહારાજાએ સવાલાખ જિનમંદિરો બંધાવેલા છે તેવી એક અનુશ્રુતિ છે. તેમણે ગિરનાર પર ભવ્ય જૈન મંદિરો બંધાવ્યા છે. આ મંદિર સુંદર તથા પ્રાચીન છે. મંદિરમાં શ્રી નેમિનાથ ભગવાનની શ્યામવર્ણી ભવ્ય પ્રતિમા છે. આ ઉપરાંત બીજી ૨૩ પ્રતિમાઓ છે.

**અંબાજીની ટૂંક**

અંબાજીના મંદિરના કમાડ (દરવાજા) જૈન દેરાસરના કારખાના તરફથી કરવામાં આવ્યાનો ઉલ્લેખ છે. આ મંદિર સંપ્રતિ એ બંધાવેલ હોવાની માન્યતા છે. આ દેવી ભગવાન નેમિનાથના શાસનના અધિષ્ઠાપિકા છે. અહીંશ્રી ભગવાન નેમિનાથજીની પાદુકા છે. તથા પાંચમી ટૂંક ઉપર નેમિનાથ ભગવાનના પ્રથમ ગણધર વરદત્ત અહીં પધાર્યા છે. જેના પરથી દત્તાત્રયી તરીકે આ સ્થાન પ્રસિદ્ધ થયું છે.

આ તીર્થોનો વહીવટ હાલ આણંદજી કલ્યાણજીની પેઢી કરે છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શેત્રુંજય**

આ સ્થળ મંદિરોનું શહેર જ હોવાની માન્યતા છે. પાલીતાણા ગામની શેત્રુંજય ટેકરી ઉપર જતાં વિશાળ વાવ અને કુંડો છે. તળેટીમાં જવા માટે પહોળા સરસ પગથિયાં છે, અને પગથિયાની બન્ને બાજુએ પથ્થરના બે હાથી ઊભા છે. અહીંથી આગળ ચડાવમાં વચ્ચે અને ઉપર ઘણે સ્થળે ગરીબ શ્રાવકોએ તીર્થંકરોની પાદુકા ઉપર ઊભી કરેલી દેરીઓ છે. પાદુકાની આસપાસ લેખ કોતરેલા છે. ચડાવમાં વચ્ચે યાત્રાળુઓ માટે વિશ્રામ સ્થાનો અને પરબની સગવડ છે. તેમજ શેત્રુંજયના ડુંગરનો ચડાવ સીધો છે પણ પગથિયાં એટલાં સારા છે કે યાત્રાળુઓ વગર શ્રમે ચડી શકે છે. છતાં વૃધ્ધો, નબળાઓ અને શ્રીમંતો માટે ડોળીઓ મળે છે.

**વિમલવસહીની ટૂંક**

ઉત્તર-પૂર્વ તરફના દરવાજેથી દાખલ થઈ જમણી તરફના દરવાજામાંથી વિમલવસહી ટૂંકમાં પેસતાં જ જમણા હાથે ઉપર નરસી કેશવજી નાયકનું ઈ.સ.૧૮૬૨માં બંધાયેલું મંદિર દેખાય છે. આખુંય મંદિર વિશાળ અને સફેદ છે, તે મંદિર બે મજલાનું છે. ઉપરના મજલે દેરીઓની વચ્ચે પંચતીર્થી પ્રભુજી બિરાજમાન છે. આ ચોથા તીર્થંકરનું મંદિર છે તેમાં લગભગ ૫૦ મૂર્તિઓ છે.

અહીં અંદરના દરવાજામાં પશ્ચિમ તરફ પાંચ મંદિરો છે, તેમાંનું પહેલું ઋષભનાથની માતા મરૂદેવીનું છે. તેમાં આરસ પહાણના હાથી ઉપર મરૂદેવીની મૂર્તિ દેખાય છે. બીજું ઈ.સ.૧૮૪૮માં મુંબઈમાં નરસી શેઠે છઠ્ઠા તીર્થંકર પદ્મપ્રભુ માટે બંધાવેલું છે. આ મંદિરમાં પદ્મપ્રભુની અને બીજા તીર્થંકરોની ૨૩ મૂર્તિઓ આરસપહાણની અને સાત ધાતુની છે, અને મંડપમાં બે ચક્રની અને ત્રણ શેઠ-શેઠાણીની છે.

**શ્રી આદિશ્વર ભગવાનનું દેરાસર :**

આદિશ્વર ભગવાનનું મંદિર ભવ્ય વિશાળ તથા રમણીય છે. આ મંદિર મૂળ વિક્રમરાજાએ બંધાવ્યું હતું. હાલનું મંદિરતો સવા સોમજીએ ઈ.સ.૧૬૧૮માં બાંધેલું છે. તે મુજબનો એક લેખ કોતરેલો છે. ૨' ઊંચી પીઠિકા ઉપર ઊભેલું આ મંદિર ૫૭' પહોળું અને ૬૭' લાંબુ છે. આખુ મંદિર બે ચો.મીટરમાં વિભક્ત છે. તેમાં ચોરસ રંગમંડપ છે. પગથિયાં ચડતાં અંદરથી ૩૧' ચો.ફૂટનો અંતરાલ આવે છે. આ અંતરાલ ઉપર ૧૨ થાંભલાઓ ઉપર રાખેલો ઘુમ્મટ છે. તેમજ આ અંતરાલને મંડપમાં ઊઘડતાં દ્વાર છે. અને સામેજ ગર્ભગૃહનું દ્વાર છે. આ મંદિરની કળા માટે એક બાબત નોંધનીય છે કે ગર્ભગૃહના સ્તંભો અને અંતરાલના સ્તંભો વચ્ચેના અંતરો એક જ માપનાં છે. ગર્ભગૃહ ઉપર ૯૬' ઊંચી ત્રિદલ છત્રયષ્ટિ છે.

ગર્ભગૃહમાં શુદ્ધ આરસપહાણનું ૧૨'" ચો.ફૂટ ઊંચુ સિંહાસન છે. આ સિંહાસનની ચારેબાજુ ઉપર ખૂબ શિલ્પકામ કરેલું છે. સિંહાસન ઉપર જુદી જુદી ચાર દિશામાં મુખ રાખીને બેઠેલી અવસ્થામાં આદિનાથ ભગવાનની ચાર મૂર્તિઓ છે. આ મૂર્તિઓ વિશાળકાય સિંહાસનથી ૧૦' ૧૧" જેટલી ઊંચી અને પદ્માસન અવસ્થામાં બેઠેલી છે. જૈન મૂર્તિઓની ભ્રમર છાતી ઉપર, ખભા ઉપર અને ગોઠણ ઉપર સોનાના પતરા મઢેલા હોય છે. અને માથા ઉપર મુકુટ હોય છે.

ગર્ભગૃહનાં અને અંતરાલના ગોખલાઓમાં નાની મોટી આરસપહાણની પ્રતિમાઓ છે. આમાં શેઠ અને શેઠાણીની પણ એક સ્થળે પ્રતિમા છે. છત્ર ઉપરની કારીગરી સુંદર છે.

**મોતીશાહ શેઠની ટૂંક**

કુંતાસરની મોટી ખીણ લાખોના ખર્ચે પૂરાવીને એ સ્થાને દેવવિમાન જેવી સુંદર ટુંક દાનવીર મોતીશા શેઠે બંધાવી છે. આ ટુંકની વચ્ચે ત્રણ મજલાનું રમણીય તથા અલૌકિક તથા સૌંદર્યયુક્ત જિનમંદિર આવેલું છે. આ મંદિરની આજુબાજુ ૧૬ મંદિરો ધર્મ પ્રભાવક શ્રેષ્ઠીવર્યોએ બંધાવ્યા હતાં. તે ઉપરાંત આ મંદિરમાં મોતીશા શેઠના પુત્ર ખેમચંદભાઈએ શ્રી ઋષભદેવ પ્રભુ આદિ ભગવંતોની પ્રતિમા સ્થાપિત કરેલી છે. આ ટૂંકમાં એકંદરે ૧૬ દેરાસરો અને ૧૨૫ લગભગ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેરીઓ છે. મૂળ દેરાસર ત્રણ મજલાનું છે અને ત્રણેય મજલા ઉપર પ્રભુજીની પ્રતિમા બિરાજમાન છે.

**શેઠ બાલાભાઈની ટૂંક :**

ભાવનગર નિવાસી શેઠ દીપચંદ કલ્યાણજી (બાલાભાઈ) એ ટૂંક બંધાવી છે. મૂલનાયક શ્રી આદિશ્વર ભગવાન છે. પુંડરીકજીનું દેરાસર છે. આસપાસ ચાર દેરાસરો છે. આ મંદિરમાં ૩૨ પથ્થરની, બે ધાતુની એક ચક્રસિધ્ધિ, બે પંચતીર્થ અને નવગ્રહનું પત્ર અને રંગમંડપમાં ૨૪ તીર્થંકરોની મૂર્તિઓ છે. દ્વાર આગળ ચક્રેશ્વરી માતા અને ગોમુખ યક્ષની મૂર્તિ છે.

**શ્રી આદિશ્વરજીનું (અદબદજી) મંદિર :**

આખાયે ગિરીરાજ ઉપર આ મૂર્તિ અદ્ભુત છે. આ પ્રતિમા ૧૮' ઊંચી છે. બેઠેલા ઘાટમાં એક ઢીંચણથી બીજી ઢીંચણ ૧૪'' પહોળા છે. આ મૂર્તિ પહાડના પથ્થરમાંથી કોતરીને અહીં સ્થાપિત કરવામાં આવી છે. આ સ્થાન પરથી દાદાની ટૂંકના બધા જ મંદિરોનું નૈસર્ગિક દર્શન થાય છે. આ બાજુથી અહીંના જિન મંદિરોને જોતાં ક્ષણભર થઈ જાય છે કે ખરેખર ભક્તિ તથા શ્રદ્ધા માનવને પણ દૈવી બળ સમર્પે છે કે જેના યોગે આવાં સુંદર જિનમંદિરોને પહાડ-પર્વતની ટોચ ઉપર ઊભાં કરી શકાય.

**કુમારપાળનું મંદિર :**

બહારના ચોકમાં કુમારપાલનું મંદિર છે. એ વધારે ઊંચું છે. મંદિરની ઝીણી કોતરણીવાળા પીળા પથ્થરના બારશાખ અને ઋષભનાથની મૂર્તિ ઉપરનું આસમાની આરસનું છત્ર સુંદર છે.

**પ્રેમચંદ મોદીની ટૂંક :**

આદિશ્વરભગવાન બિરાજમાન છે. આ ટૂંકમાં સાત મંદિરો અને લગભગ ૫૦-૫૨ દેરીઓ છે. દેરાણી-જેઠાણીના ગોખલા સુંદર કોતરણીવાળા છે. આ કુંડની બહાર એક કુંડ છે.

**હેમાભાઈની ટૂંક :**

આ ટૂંક ઉપર અજિતનાથ ભગવાન બિરાજમાન છે. નગરશેઠ હેમાભાઈના નામ ઉપરથી બનેલી છે.

**શેઠાણી ઉજબાઈની નંદીશ્વર દ્વિપની ટૂંક :**

અહીં ૫૭ ચૌમુખની દેરી નકશીદાર પથ્થરની જાળીવાળી બંધાવવામાં આવી છે. નંદીશ્વર દ્વીપની રચના આમાં કરેલી છે. બીજા બે દેરાસરોની પણ સ્થાપના આ ટૂંકમાં કરવામાં આવી છે.

**શેઠ કેશવજી નાયકની ટૂંક :**

કચ્છ નિવાસી કેશવજીએ આ મંદિર તેમજ દેરીઓ બંધાવી છે. મંદિરમાં શ્રી અભિનંદન સ્વામીજી બિરાજમાન છે. આ ટૂંકની બહાર જે કુંડ છે તે "વલ્લભકુંડ" તરીકે ઓળખાય છે. તેને શેઠ નરસી કેશવજીના મહેતાજી વલ્લભ માટે બંધાવવામાં આવ્યો હતો.

આ રીતે શેત્રુંજય ગિરીરાજ પર સંખ્યાબંધ જૈન મંદિરો પથરાયેલા છે. આ પર્વત પરની ટૂંકમાં બધા મળીને કુલ ૧૦૬ મંદિરો અને ૭૬૧ દેરીઓ છે.

**દેલવાડાના જૈન મંદિરો :**

પશ્ચિમ હિંદના સ્થાપત્યના ઉત્તમોત્તમ નમૂનારૂપ છે. આબુના મંદિરોને ધર્મપ્રેમથી ગુજરાતનાં પોરવાડમંત્રીઓએ બંધાવ્યા છે. આ મંત્રીઓએ પુષ્કળ ધન ખર્ચ કરીને બનાવ્યા છે, અને એ સમયે ગુજરાતની આર્થિક સમૃદ્ધિને કારણે આ મંત્રીઓ ઊંચા દુર્ગમ પર્વત ઉપર મંદિર બંધાવી શકયા છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**વિમલવસહિનું મંદિર :**

ભીમદેવના મંત્રી વિમલશાહે ઇ.સ.૧૦૬૨માં બંધાવ્યું છે, એમ મંદિરના લેખ પરથી લાગે છે. આ મંત્રીશ્વરે સત્તા તથા દ્રવ્યના બળથી પોતાને જોઈતી જગ્યા પર પથરાઈ રહે એટલા ટંકાઓ (સિક્કાઓ) આપી જમીન ખરીદી લીધી અને પછી તે ઉપર અઢળક દ્રવ્ય ખર્ચી આદિનાથનું મંદિર બંધાવ્યું અને આદિનાથ પ્રભુની અઢારભાર પિતળની મોટી પ્રતિમા ઘડાવી. આ મંદિર તેના અણીશુદ્ધ નકશીકામથી પ્રેક્ષકોને વિચારમાં ગરકાવ કરી દે છે. આ મંદિરમાં વચ્ચે મુખ્ય મંદિર અને આજુબાજુ નાની દેરીઓ છે. મંદિરના મુખ્ય પ્રવેશ દ્વાર આગળ મંડપ છે. આ મંડપની આગળ છ સ્તંભો વાળો એક લંબચોરસ ઓરડો છે. જેમાં વિમલશાહ પોતાના કુટુંબને મંદિર તરફ લઈ જાય છે.

સામાન્ય રીતે મંદિર અંદરથી બહુ જ સુશોભિત અને કારીગરીથી ભરપૂર છતાં બહારથી તદ્દન સાદા છે. મંડપની અંદરની સફેદ આસરપહાણ પરની નકશી મનોરમ્ય અને સુંદર છે. ઘુમ્મટ અને થાંભલા પરનું નકશીકામ આંખને આંજી દે તેવું છે. તેમજ વેલ, ફૂલ, પૌરાણિક દેવદેવીઓની કથા તેમજ વૃક્ષ, ફૂલની ભાતોનું આલેખન કરેલું છે.

**વસ્તુપાળ-તેજપાળના મંદિરો :**

વસ્તુપાળ-તેજપાળ પણ પોરવાડ વંશના જૈનો અને ગુજરાતના રાજા વીરધવલના મંત્રીઓ હતા. આ મંત્રીઓની કીર્તી યશપતાકા ઘણા જૈન ધર્મના વિદ્વાનોએ પ્રસરાવી છે. આ બન્ને ભાઈઓએ બહોળા પ્રમાણમાં મંદિરો બંધાવીને જૈનધર્મમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે. આજેય પણ આબુ, ગિરનાર તેમજ શેત્રુંજય પર્વત ઉપરના મંદિરો તેની ધાર્મિકતા તથા કળા પ્રત્યેની અભિરુચિની સાક્ષી પૂરતા પ્રત્યક્ષ રીતે આપણને દૃષ્ટિમાન થાય છે.

આં રીતે આબુ ઉપર મંદિર બંધાવવાનો વિચાર અને પ્રેરણા આપનાર તેજપાલની સરસ્વતીરૂપ પત્ની અનુપમાદેવીનું સ્થાન અનોખું અને નોંધનીય છે. જ્યારે આબુ ઉપર મંદિર બંધાવવાનો વિચાર ઉદ્‌ભવ્યો ત્યારે તેમણે નેમિનાથ ભગવાનનું મંદિર બંધાવવાનું નક્કી કર્યું. વસ્તુપાળે ઉત્તમ પથ્થરની મૂર્તિ તૈયાર કરાવીને તેની સ્થાપના કરાવી, આ સમગ્ર મંદિરના બાંધકામના સુંદર આયોજનના પ્રેરણારૂપ સ્ત્રી છે.

આ મંદિરની સુંદર રોચક અને મનોહર એવી સુંદર શિલ્પ, કોતરણી, પથ્થરની ગોઠવણી સમગ્ર વિશ્વમાં અદ્‌ભુત, અજોડ અને બેનમૂન છે. શ્રી નેમિનાથ ભગવાન બિરાજમાન વસ્તુપાળના સ્વર્ગીય મોટાભાઈ લુણગિના નામ પરથી આ મંદિર 'લુલિણવસહિ' તરીકે ઓળખાય છે. મંદિરના રંગમંડપમાં આરસની કોતરણીવાળા કલાત્મક બે ગોખલા છે. તે બંને ગોખલાઓ "દેરાણી-જેઠાણી"ના નામે આજેય પ્રચલિત છે. મંદિરની પ્રદક્ષિણા પથમાં જમણી તરફ દિવાલના પત્થર પર એક વિહારનું ઉત્તમ દશ્ય છે. લુણવસહિ મંદિરના સર્જન સમગ્ર કારીગરોની કારીગરી ભારોભાર સમાયેલી છે. કૃષ્ણના જીવનના કેટલાંક પ્રસંગો, નેમિનાથના જીવનના કેટલાંક ચુનંદા દશ્યો તેમજ તીર્થંકર દેવોના કલ્યાણો વગેરેનું આલેખન અનોખી રીતે કરવામાં આવેલું છે. આ મંદિરમાં કુલ ૪૮ દેરીઓ, ૧૪૬ ગુંબજો તેમજ ૯૩ નકશીવાળા સ્તંભો છે. આ ઉપરાંત મંદિરની સામેની અશ્વશાળામાં વસ્તુપાલના-તેજપાલના કુટુંબીઓની તથા તેમના આચાર્યની મૂર્તિનું આલેખન કરવામાં આવેલું છે. આ બે મંદિરોની પાસે "ભીમા શાહ"નું મંદિર છે. શ્રી આદિશ્વર ભગવાન મૂલનાયક છે. તેમજ પાર્શ્વનાથજી ભગવાનનું મંદિર પણ છે. અને મહાવીર સ્વામીનું મંદિર પણ છે.

**કુંભારીયાજી :**

અંબાજી થઈ કુંભારીયાજી જવાય છે. વિમલશા મંત્રી દ્વારા બંધાવવામાં આવેલ કુલ પાંચ મંદિરો એ શિલ્પ સ્થાપત્યની તથા કોતરણીની દૃષ્ટિએ અનુપમ અને અજોડ છે. નેમિનાથ ભગવાનનું મંદિર ત્રણ માળનું અને સ્તંભો અને ગુંબજોવાળું કોતરણીવાળું મંદિર સુંદર તથા મનોરમ્ય છે. શ્રી મહાવીર સ્વામીનું મંદિર સુંદર તથા મજબૂત આરસપહાણમાંથી બનાવેલું, તીર્થંકરના સમય સરલાના દશ્યોના દેખાવો, બાહુબલીનું યુદ્ધ વગેરે દશ્યોથી આલેખિત આ મંદિર હૃદયગમ અને રળિયામણું બનેલું છે. આ મંદિરને ફરતી ૨૫ દેરીઓ છે. શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર આકારમાં વિશાળ,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનેક વિધ ચિત્રાવલીઓ, કમાનો, તોરણો ઘુમ્મટના આકારોથી શોભાયમાન છે. શ્રી સંભવનાથ ભગવાનનું દેરાસર દર્શનીય છે.

**તારંગાજી :**

કોટિ કોટિ જૈનોના ભવબંધનો કાપનાર એવા આ સ્થાનને કુમારપાળે અહીંના મંદિરમાં જૈન પ્રતિમાની સ્થાપના કરી. ઈડરના રાજા પુંજાજીના આશ્રિત અને વચ્છરાજ સંઘવીના પુત્ર ગોવિંદ સંઘવીએ પંદરમા સૈકામાં તેનો ફરીથી જીર્ણોધ્ધાર કર્યો અને હાલની જે પ્રતિમા છે તેની સ્થાપના કરી હતી તેમ મનાય છે. આ મંદિર અત્યંત સાદુ અને સરળ હોવા છતાં વિશાળ એવું પૂર્વાભિમુખ આવેલું છે. દસ અષ્ટકોંલડીય સ્તંભો પર ટેકવેલા ગર્ભગૃહની સન્મુખે વિવિધ સ્તંભો ઉપર મંદિરનો મુખ્ય ઘુમ્મટ બાંધવામાં આવેલ છે. રંગમંડપની આગળ ઉત્તર-દક્ષિણ અને પૂર્વ બાજુએ સ્તંભો પર ટેકવેલી ઓશરીઓ આવેલી છે. ગર્ભગૃહને સુંદર કોતરણીવાળા જાળીઓવાળા દરવાજાઓ છે.

**પાવાગઢના જૈન મંદિર નગરો :**

પાવાગઢના જૈન મંદિરો વિવિધ સમૂહોમાં વહેંચાયેલા જોવા મળે છે.

- બાવન જીનાલયનો સમૂહ આ મંદિર સમૂહ નવલખી મંદિર તરીકે પણ ઓળખાય છે.
- માતાજીના મંદિરે આવેલ ચંદ્રપ્રભુ અને પાર્શ્વનાથના મંદિરો.
- પાર્શ્વનાથ અને તેની આજુબાજુના મંદિરો.

આ મંદિરોની રચના તથા સમય વિશેની ચોક્કસ માહિતી અંગે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. અર્થાત્ કોઈ વૈજ્ઞાનિક પ્રકારની માહિતી ઉપલબ્ધ નથી. આ બધા મંદિરો ચૌદમા-અને પંદરમા સૈકામાં બંધાયા હોવાની માન્યતા છે. બાવન દેરી, નવલખી મંદિર અહીંના મંદિર સમૂહોના મુખ્ય ત્રણ મંદિરો છે. તેમનું કદ વિશાળ છે. આ મંદિર સુંદર મૂર્તિઓ શિલ્પોથી અંકિત કરેલા જોવા મળે છે.

**ચંદ્ર પ્રભુ અને પાર્શ્વનાથના બે નાના મંદિરો :**

૧૩ મી ૧૪ મી સદીમાં બંધાયા હોવાની માન્યતા છે. આમાં પાર્શ્વનાથ ભગવાનનું મંદિર પ્રાચીનતમ છે.

ભારતમાં બ્રાહ્મણધર્મમાં હિંસા અને અટપટી વૈદિક વિધિવિધાનને કારણે તેની પડતી થતાં તેના પ્રત્યાઘાતરૂપે જૈન ધર્મનો ઉદ્ભવ થયો. મુખ્યત્વે સત્ય અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય પાંચ અણવ્રતના સિધ્ધાંત ઉપર જૈન ધર્મનો ફેલાવો થયો છે. તીર્થંકરની મૂર્તિપૂજાની શરૂઆત થઈ અને જૈનોએ શ્રીમંત હોવાથી તેમણે પોતાની આર્થિક સંપત્તિનો સદ્ઉપયોગ કરીને પોતાની આજિવિકાની અમુક મૂડીનો ઉપયોગ મંદિર નિર્માણમાં કર્યો અને પર્વતોની ટોચ ઉપર મંદિરો દેરાસરો વગેરેની સ્થાપના કરી. જૈનોમાં ઊંચા પર્વતો ઉપર તેમજ દુર્ગમ સ્થળે મંદિર બાંધવાની પાછળ એક દીર્ઘદષ્ટિ સમાયેલી હતી. આ બધા જ મંદિરો તથા દેરાસરોના નવનિર્માણથી માંડીને સંરક્ષણ સુધીના તમામ પ્રયત્નો આણંદજી કલ્યાણજીની પેઢી કાર્ય બજાવી રહી છે.



For Private and Personal Use Only

# ગુજરાતનાં મંદિરો

– ગાયત્રી પુ. મહેતા.

વિષ્ણુધર્મોત્તર પુરાણ નોંધે છે કે સત્યયુગમાં મનુષ્યો દેવોને પ્રત્યક્ષ નૈવેદ્ય આપી શકતા. પરંતુ ત્રેતા અને દ્વાપર યુગમાં પ્રત્યક્ષ નૈવેદ્ય લેવાની અને આપવાની શક્તિ કાંઈક ઓછી થઈ ગઈ અને કલિયુગમાં તે સર્વથા બંધ થઈ ગઈ. પરિણામે દેવોને નૈવેદ્ય વગેરે આપવાને માટે મનુષ્યોને પ્રતિમા બનાવવાની જરૂર ઊભી થઈ અને પ્રતિમાની પ્રતિષ્ઠા માટે મંદિરોની આવશ્યકતા જણાઈ જુદા-જુદા દેવો માટે જુદા-જુદા પ્રકારના મંદિરો થયા.

આ લેખમાં આપણે ગુજરાતના મંદિરો વિશે જોઈશું. રચનાની દૃષ્ટિએ ગુજરાતના મંદિર સ્થાપત્યની બે પરંપરા જોવામાં આવે છે.

૧. પૂર્વ ચૌલુક્ય શૈલીના મંદિરો

૨. ચૌલુક્ય શૈલીના મંદિરો

### ૧. પૂર્વ ચૌલુક્ય શૈલીનાં મંદિરો

આ પરંપરા ઈ.સ.ની પાંચમી સદીમાં સૌરાષ્ટ્રમાં બરડાના ડુંગરમાં બંધાયેલા ગોપના મંદિરથી શરૂ થાય છે. સૌરાષ્ટ્રમાં પ્રાચીન સ્થાપત્યોમાનું આ એક છે. ગુજરાતમાં બંધાયેલા દેવાલયોમાં સહુથી જૂનું ઉપલબ્ધ આ દેવાલય ગણાય છે. આ પરંપરા લગભગ ૧૦મી સદીના અંત સુધી પ્રવર્તતી જોવા મળે છે. આ પરંપરાનું ખૂબ જ વિકસીત સ્વરૂપ સાબરકાંઠાના રોડાના મંદિર સમૂહમાં જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં આ શૈલીનાં બીજા મંદિરો ઠેર-ઠેર આવેલા છે. જેમાં કદવારનું વરાહ મંદિર, સૂત્રાપાડા અને વિશાવાડાના સૂર્યમંદિરો, કિન્દરખેડા વગેરે સ્થળોના સૂર્યમંદિરો, બીલેશ્વર, નંદીશ્વર, પોરબંદર, રાણાવાવ, શ્રીનગર વગેરે સ્થળોએ પણ પૂર્વ ચૌલુક્યશૈલીના મંદિરો જોવા મળે છે.

આ મંદિરોના શિખરો તોડાપદ્ધતિએ બાંધેલા છે. નીચેથી ઉપર જતા ક્રમે-ક્રમે ઓછી લંબાઈ-પહોળાઈ ધરાવતા સમતલ થરો વડે તેનુ શિખર બનેલું હોય છે. આવા સમતલ થરોની સંખ્યા ત્રણ, ચાર, પાંચ, છ, સાત કે તેનાથી વધુ હોય છે. આ થરોને ચારેબાજુથી ચૈત્યગવાક્ષ સુશોભનો વડે અલંકૃત કરવામાં આવે છે. ગવાક્ષના પોલાણમાં મુખાકૃતિ અને ક્યારેક મૂર્તિ મૂકીને વધુ આકર્ષક બનાવવામાં આવે છે. અલંકરણમાં ક્યારેક સમગ્ર શિખરની નાની પ્રતિકૃતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. ગોપના મંદિરના શિખરમાં ચૈત્યગવાક્ષના પોલાણમાં મૂર્તિઓ મૂકેલી છે. તેના શિખરમાં ત્રણ સમતલ થરો છે. આ પ્રકારના શિખરોવાળા મંદિરો છાદ્ય પ્રાસાદો તરીકે ઓળખાય છે. કેટલાક તેને શુણ્ડાકાર ઘાટની શિખર શૈલી તરીકે પણ ઓળખાવે છે.

### ૨. ચૌલુક્યશૈલીના મંદિરો :-

ગુજરાતના મંદિર સ્થાપત્યની બીજી પરંપરા ચૌલુક્યશૈલીના મંદિર તરીકે ઓળખાય છે. આ બીજી પરંપરાના મંદિરો પ્રથમ પરંપરાના છાદ્ય પ્રાસાદથી મોટેભાગે જુદા પડીને રેખાન્વિત શિખર શૈલીને અનુસરે છે. ૧૦મી સદીના પ્રારંભથી ૧૩મી સદીના અંત સુધીમાં બંધાયેલા આ સમયના મંદિરોમાં ક્રમિક વિકાસ જોવા મળે છે. ગુજરાતના મંદિર સ્થાપત્ય શૈલીના ઉત્તમ કલાત્મક ઉદાહરણો આ તબક્કાના મંદિરોમાં જોવા મળે છે. સમયની દૃષ્ટિએ ગુજરાતનાં ચૌલુક્ય શૈલીનાં મંદિરો નીચે પ્રમાણે વહેંચી શકાય.

### દસમી સદીનાં મંદિરો

સુણકનું નીલકંઠ મહાદેવનું મંદિર, દેલવાડાનું બિલોજી માતાનું મંદિર, કસરાનું ત્રિકુરાયળનું મંદિર વગેરે શૈલીના મંદિરો ૧૦મી સદીનાં છે. આ મંદિરો ગર્ભગૃહ, મંડપ તથા શ્રૃંગારચોકીના બનેલા છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**અગિયારમી સદીનાં મંદિરો**

ઘુમલી અને સેજકપુરના નવલખા મંદિરો, મોઢેરાનું સૂર્યમંદિર, આબુનું વિમલવસહીનું મંદિર વગેરે મંદિરો અગિયારમી સદીના છે.

**બારમી સદીનાં મંદિરો**

સિદ્ધપુરનો રુદ્રમાળ તથા કુમારપાળના સમયનું સૌરાષ્ટ્રના પ્રભાસપાટણમાં આવેલું સુવિખ્યાત સોમનાથનું મંદિર. બારમી સદીનું છે. કુમારપાળના સમયનાં મંદિરના અવશેષો હાલ સ્થાનિક મ્યુઝિયમમાં સુરક્ષિત રાખવામાં આવ્યા છે.

**તેરમી સદીનાં મંદિરો**

આબુનું તેજપાલનું લુણવસહિનું મંદિર અને ડભોઈના કિલ્લામાં આવેલ કાલીકામાતાનું મંદિર નોંધપાત્ર છે.

સુણકનું નીલકંઠ મહાદેવનું મંદિર પૂર્વાભિમુખ છે. આ મંદિર ગર્ભગૃહ, સભામંડપ અને શ્રૃંગારચોકીઓનું બનેલું છે. શિખરની દરેક બાજુએ ઉરુશૃંગોની રચના છે. ઘુમ્મટની મધ્યની પદ્મશીલા ઉત્તમ કોતરણીવાળી છે. મૂર્તિ શિલ્પોના નાના મંદિરોની પૂર્ણકૃતિ ગણાય છે.

સેજકપુરના નવલખા મંદિરનું ગર્ભદ્વાર મંડપ પરની સવર્ણા અને ગર્ભગૃહ પરનું શિખર ખંડિત થયા છે. ઘુમ્મટમાં નાના કદના બાર શિલ્પો છે.

ગુજરાતના મંદિર સ્થાપત્યનો આદર્શ ૧૧મી સદીમાં બંધાયેલ મોઢેરાનું સૂર્યમંદિર પૂરો પાડે છે. આ મંદિર સ્પષ્ટ રીતે બે વિભાગમાં વહેંચાયેલું છે. ગર્ભગૃહ અને તેની સાથે જોડાયેલો ગુઢમંડપ આગળના વિભાગથી અલગ પડીને ઊભેલો સભામંડપ, હાલ રામકુંડ તરીકે ઓળખાય છે. ગર્ભગૃહ અને ગૂઢમંડપ સાથે જોડાયેલા છે. ગૂઢમંડપની પૂર્વદિશામાં ચોકી આવેલી છે. ગૂઢમંડપની દિવાલોના ભાગમાં હવાઉજાસ આવે છે. ગર્ભગૃહ સમચોરસ છે. ગર્ભગૃહના પ્રવેશદ્વાર ઉપર સૂર્ય, ગાંધર્વો, અપ્સરાઓ, પલ્લવ પત્રો વગેરે અનેક સુશોભનો કોતરેલા છે. પીઠ અને મંડોવરના ભાગો અનેક થરોથી અંલકૃત કરેલા છે. મંડોવરની જંઘામાં મોટા કદની મૂર્તિઓ આવેલી છે. ગૂઢમંડપની દિવાલો તેમજ પ્રદક્ષિણાપથની દિવાલો પર બાર આદિત્યોના સ્વરૂપો કોતર્યા છે. ગર્ભગૃહમાં સૂર્યમૂર્તિ હયાત નથી. ગર્ભગૃહની ઉપરના શિખર અને ગૂઢમંડપની છત નષ્ટ થયેલા છે. બંને મંડપના સ્તંભો, તોરણો, પાટડા, છત વગેરે અનેક પ્રકારની સુંદર કોતરણીથી અલંકૃત કરેલા છે. સાદા રેતિયા પથ્થરમાં પણ આરસના જેવું બારીક અને સફાઈદાર કોતરકામ એ અહીંના શિલ્પોની વિશિષ્ટતા છે. જે ગુજરાતભરમાં ક્યાંય જોવા મળતી નથી. સભામંડપની પૂર્વે કીર્તિતોરણના બે સ્તંભો ઊભા છે. આ સ્તંભોને અડીને કુંડમાં ઉતરવાનો પડથાર કરેલો છે. આવા જ તોરણના અવશેષો ઉત્તર-પશ્ચિમ ખૂણામાં થોડે દૂર ઊભા છે. કુંડ લંબચોરસ ઘાટનો છે. તેના પગથિયા ઉતરતા વચ્ચે નાની નાની દેરીઓ છે. જેમાં વિવિધ શિલ્પો છે.

સિદ્ધપુરમાં સિદ્ધરાજે બંધાવેલો રુદ્રમાળ અવશેષ રૂપે ઊભો છે. મૂળમાં તે ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, ગૂઢમંડપ અને ચોકીઓ વડે બનેલું મંદિર હશે એમ તેના અવશેષો ઉપરથી જણાય છે. આ અતિશય વિશાળ એવું ત્રણ મજલાનું ભવ્ય મંદિર હશે એમ જણાય છે. મંદિરની સામે નંદીમંડપ હોવાનું જણાય છે. મંદિરની ચોતરફ અગિયાર દેવકુલિકાઓ હોવાનું જાણવા મળે છે. મંદિરની ચારેક દેવકુલિકાઓનું જુમ્મા મસ્જિદમાં રૂપાંતર થઈ ગયેલું છે. પૂર્વની શ્રૃંગારચોકીની બંને બાજુએ કીર્તિતોરણ સારી અવસ્થામાં જળવાયું હતું. તેમાંથી હાલમાત્ર ઉત્તરનું તોરણ જ આબાદ છે.

તારંગાનું અજિતનાથ મંદિર ગર્ભગૃહની બાજુએ સાદું છે પરંતુ પ્રદક્ષિણા પથમાં પડતી એની બહારની દિવાલો વિભૂષિત છે. તેના ગૂઢમંડપની સ્તંભ યોજના પ્રશંસનીય છે. ગૂઢમંડપમાં બાવીસ સ્તંભો છે. ગૂઢમંડપ પર ભારે કદની સવર્ણા છે. જ્યારે શ્રૃંગાર ચોકીઓ પર સમતલ છત છે. ગર્ભગૃહના પ્રદક્ષિણા પથમાં ઝરૂખાઓની રચના છે. મંદિરની શિલ્પ સમૃદ્ધિ ઉત્તમ કોટિની છે. પીઠ, મંડોવર, વેદિકા વગેરે અંગો વિવિધ શિલ્પોથી વિભૂષિત છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સોમનાથ મંદિરનો અનેકવાર જીર્ણોદ્ધાર થયો છે. ઈ.સ.૧૦૨૫માં મહંમદ ગઝનવીના હાથે આ મંદિરનો નાશ થયો હતો. એ પછી ભીમદેવ ૧લા એ ત્યાં પથ્થરનું નવુ મંદિર બંધાવ્યું. કુમારપાળના સમયમાં તેનો પુનરૂદ્ધાર થયો. પછી ૧૨૯૯માં અલ્લાઉદ્દીનખલજીની સેનાએ તે તોડ્યું હતું. ઈ.સ.૧૯૫૦માં આ મંદિરના ગર્ભગૃહ, અને મંડપનું ખોદકામ થયું હતું. એ દ્વારા આ મંદિરના ઇતિહાસ વિશે ઘણી માહિતી મળી હતી. કુમારપાળના અગાઉના મંદિર વિશે પણ જાણવા મળ્યું. કુમારપાળના સમયના અભિલેખો દ્વારા જાણવા મળે છે કે મંદિર નૃત્યશાળા, રંગમંડપ, રસોઈઘર, કીર્તિતોરણ વગેરે અંગો સાથે જોડાયેલું હતું. મંદિરની ચોતરફ પ્રાંગણ અને એને ફરતો કોટ હતો. કુમારપાલના સમયના મંદિરમાં કેટલાક સુધારા-વધારા થયા હતા. પ્રદક્ષિણા પથમાં અને ગૂઢમંડપમાં ઝરૂખાઓ રચવામાં આવ્યા. આ સમયના મંદિરના સ્તંભો મોઢેરાના સૂર્યમંદિરના સ્તંભોને મળતા આવે છે.

કુંભારિયામાં પાંચ જૈન મંદિરોનો સમૂહ છે. એમાં સંભવનાથ મંદિર સિવાયના બાકીના ચાર મંદિરો નેમિનાથ, મહાવીર, શાંતીનાથ એન પાર્શ્વનાથના મંદિર ૨૪ જિનાલય પ્રકારના છે. નેમિનાથનું મંદિર અહીં સૌથી મોટું અને વિશાળ મંદિર છે. તેનું શિખર તારંગાના મંદિરના શિખરને મળતું આવે છે. તેના સ્તંભો અને વિતાનનું શિલ્પકામ આબુના મંદિર સાથે સામ્ય ધરાવે છે.

આ સમયના ખૂબ જ પ્રસિદ્ધ મંદિરો આબુ પર આવેલા દેલવાડાના મંદિર છે. આવા વિમલવસહી અને લુણવસહી નોંધપાત્ર છે. ભીમદેવ ૧લા ના મંત્રીએ બંધાવેલું વિમલવસહી મંદિર ગર્ભગૃહ, અંતરાલ, ગૂઢમંડપ, નવચોકી, રંગમંડપ, મંદિરને ફરતી બાવન દેવકુલિકાઓને તોરણનું બનેલું છે. એમાં કુલ ૧૨૧ સ્તંભો છે. જેમાનાં ૩૭ સ્તંભો સુંદર કોતરણીવાળા છે. આ મંદિરમાં જુદા-જુદા સમયે નવા ઉમેરણો કે ફેરફારો થતા રહ્યા છે. ગર્ભગૃહમાં નાયક ઋષભદેવની પ્રતિમા છે. આ મંદિરની શિલ્પ સમૃદ્ધિ તેના મૂર્તિ શિલ્પોમાં નજરે પડે છે. મંદિરના સ્તંભ પ્રમાણ આકૃતિ અને કંડારકામની દૃષ્ટિએ પ્રશંસનીય છે. તેના વિતાનો શિલ્પકામની દૃષ્ટિએ ઊંચી કોટિનાં છે.

વિમલવસહીની પાસે તેજપાલે બંધાવેલું નેમિનાથનું મંદિર લુણવસહીના નામે જાણીતું છે. એની યોજના અને કારીગરી વિમલવસહીને મળતી છે. વિમલવસહી કરતા કદમાં સહેજ મોટું છે. ગૂઢમંડપના મુખ્ય પ્રવેશની બહાર નવચોકીની દિવાલોથી બંને બાજુએ એક-એક સુંદર કોતરણીવાળા બે મોટા ગવાક્ષ છે.

આ બંને મંદિરોની દિવાલી, થરો, સ્તંભો, મંડપો, તોરણો, છતો વગેરેના ફુલવેલ, બુટ્ટા વગેરે આકૃતિઓ તથા કેટલાક પ્રસંગો બારીકાઈથી કોતરેલા છે.

ગિરનારનું નેમિનાથનું મંદિર આ સમયનું મહત્ત્વનું ૭૨ જિનાલય છે. મૂળ લાકડાના આ મંદિરનું સિદ્ધરાજના મંત્રી અજ્જને પથ્થરમાં રૂપાંતર કર્યું હતું. તે વિશાળ જગતી પર આવેલું છે. તે ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, અંતરાલ, ગૂઢમંડપ, રંગમંડપ, દેવકુલિકાઓનું બનેલું છે. ગર્ભગૃહમાં પાષાણની નેમિનાથની મૂર્તિ સ્થાપિત કરેલી છે. પ્રદક્ષિણાપથમાં ત્રણેય બાજુએ ઝરૂખાઓની રચના છે. આ મંદિરનું સંપૂર્ણ નવનિર્માણ થયું હોવાથી એની અસલ શિલ્પ સમૃદ્ધિ ખૂબ જ ઓછી સચવાઈ છે.

આમ આપણા ગુજરાતના મંદિર સ્થાપત્યનો આપણો વારસો અત્યંત ભવ્ય અને સુંદર છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જસાપર-જીવાપર : ક્ષત્રપ વસાહત

– હસમુખભાઈ વ્યાસ*

ગુજરાતમાં અને વિશેષ તો સૌરાષ્ટ્રમાં મળતા પ્રાચીનતમ લિખિત પુરાવા તરીકે નિ:શંક મૌર્ય સમ્રાટ અશોકના ગિરનાર શિલાલેખને જ ગણી શકાય. પ્રસ્તુત શિલાલેખ અશોક, ક્ષત્રપ રુદ્રદામા (ઈ.સ.૧૫૦) અને સ્કન્દગુપ્ત (ઇ.સ.૪૫૬-૫૭) એમ ત્રિવિધ શાસકોનો લગભગ ૭૦૦(સાતસો) વર્ષનો ઈતિહાસ વ્યક્ત કરે છે. પરંતુ સમગ્ર રાજવંશનો પ્રથમ સળંગ અભિલેખીય ઈતિહાસ તો ગુજરાત-સૌરાષ્ટ્રમાં મળતો ક્ષત્રપવંશ (ઇ.સ.૨૩ થી ૩૯૫ ઈ.સ.)નો છે. લગભગ પોણા ચારસો વર્ષ જેટલા સમય દરમ્યાન આ વંશના વિભિન્ન ક્ષત્રપ-મહાક્ષત્રપો (રાજા-મહારાજા ?) એ કરેલ શાસન દરમ્યાનના મળતાં ચાંદીના વિપુલ સિક્કાઓ અને લગભગ તમામ શાસકોના શિલાલેખોમાં અંકિત નામ-મિતિના આધારે આ વંશનો એક સળંગ ક્રમબધ્ધ ઈતિહાસ તૈયાર થઈ શક્યો છે. શક-ક્ષત્રપો બહારથી આવ્યા હોવાનું સાબિત થઈ ચૂક્યું છે. આ વંશના નાની-મોટી વસાહતો (સેરલમેહેસ) સૌરાષ્ટ્રમાં અનેક સ્થળે મળે છે-મળેલ છે. હવે સમગ્ર ચર્ચા સૌરાષ્ટ્રના સંદર્ભમાં જ રહેશે. પરંતુ ગુજરાત સરકારના (અને કેન્દ્રીય) પુરાતત્ત્વ ખાતાએ હરપ્પન સમયની મહત્ત્વ આપતા અને એકાદ અપવાદ (દા.ત.અમરેલી) સિવાય ક્ષત્રપ સમયના વસાહતો અંગે કશું સંશોધન થયેલ નથી એ હકીકત છે. આ સમયની લગભગ ૩૦(ત્રીશ) જેટલી વસાહતોની મેં મારા સંશોધનકાળ (ઇ.સ.૧૯૮૨ થી ૧૯૯૦) દરમ્યાન યાદી મેળવેલ. આ અંગે મેં અવાર-નવાર પશ્ચિમ વર્તુળ-પુરાતત્ત્વ વિભાગ, રાજકોટ તેમજ પુરાતત્ત્વ નિયામક-પુરાતત્ત્વ વિભાગ, અમદાવાદને પણ જાણ કરેલ છે. મને પ્રાપ્ત ક્ષત્રપકાળની વસાહતોમાં મહત્ત્વની જસાપર-જીવાપર વસાહત. અહીંથી ક્ષત્રપ સમયના પુરાવશેષોનાં સાતે એક શિલાલેખ અને એક પક્વ માટીનું લિખિત સીલ પણ મળેલ છે. જેની વિગતવાર ચર્ચા આગળ કરવામાં આવશે.

રાજકોટ જીલ્લામાં જસાપર-જીવાપર (તા.જસદણ) નામના બે ગામ આવેલ છે. બન્ને ગામ વચ્ચે લગભગ ૩ કિ.મી.નું અંતર છે. ભાદર નદીના કાંઠે આવેલ જસાપર ઘણું જૂનું અને આજના કરતાં (વર્તમાન જનસંખ્યા લગભગ ૧૫૦૦) ઘણું મોટું અને સમૃદ્ધ હોવાની વાતો સ્થાનિક વૃદ્ધો પાસેથી સાંભળવા મળેલ. અહીંથી ખાસ કરીને જસાપરથી એક કી.મી. દૂર ભાદરના કાંઠે આવેલ ખેતરમાંથી અવારનવાર વિભિન્ન વાસણોનાં ઠીકરાઓ નીકળતા હોવાની ભાળ મળતાં ઈ.સ.૧૯૮૨માં મેં આ સ્થળની જાત તપાસ કરી. તો પ્રાપ્ત પુરાવશેષોના આધારે આ સ્થળ ક્ષત્રપકાલીન હોવાનું જાણવા મળ્યુ. આ પછીથી લગભગ પાંચ વર્ષ દરમ્યાન મેં આ સ્થળની જાત તપાસ કર્યા કરેલ. આ સમય દરમ્યાન મને જે ક્ષત્રપકાલીન પુરાવશેષો ધ્યાનમાં આવ્યા-મળ્યાં તેની ટૂંકમાં વિગત ચર્ચા હવે કરીએ :

ભાદર કાંઠે લગભગ ૧૦૦ X ૩૦ મીટરના પાધડી પને ફેલાયેલ આ વસાહતમાંથી એ સમયના વિભિન્ન વાસણોનાં ઠીકરાઓ પુષ્કળ પ્રમાણમાં જોવામાં આવેલ. આ બે પ્રકારનાં છેઃ ૧. એકાદ ઈંચ જાડાઈ ધરાવતં બહારથી આછાં લાલ-કાળા લગભગ રફ કહી શકાય તેવાં ઠીકરાંઓ. ૨. એકદમ પાતળા લાલ ચકચકતા, સુંવાળા-લીસ્સા, તાંબાના જેવી રણકાર ધરાવતાં ઠીકરાં. આને આર.પી.ડબલ્યું (રેડ પોલીશ્ડ વેર) તરીકે ઓળખવામાં આવે છે. મૂળતો એ રોમની બનાવટ અને ભારતમાં તે ઈ.સ.ની ૧-૨ સદી દરમ્યાન આયાત થતાં. આ પછીથી તે અહીં જ બનવા લાગેલ. ક્ષત્રપ સમયના આ આર.પી.ડબલ્યું. વાસણનાં ઠીકરાં તત્કાલીન સમાજની સમૃદ્ધિ સૂચવે છે. આ ઠીંકરાંઓ નાની-મોટી સાઈઝની કુલડીઓ, રકાબીઓ, પ્યાલા વ. વાસણોનાં છે. આ પછીથી મળતાં જાડા-ઠીંકરાંઓ સ્થાનિક બનાવટ હોવાનું માની શકાય. આર.પી.ડબલ્યુ. વાસણનો ઉપયોગ તત્કાલીન સમાજનો ઉચ્ચવર્ગને જાડા ઠીકરાંના વાસણ નીમ્નવર્ગ ઉપયોગમાં લેતા હોવાનું અનુમાન કરી શકાય. જાડા ઠીકરાં તાવડી-મોટી રફ થાળી જેવી રકાબીઓ, માટલાં-

★ ૧૫૮, વિશ્વકર્મા સોસાયટી, "આનંદ" આદર્શ સ્કૂલ પાસે, ધોરાજી. જી. રાજકોટ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઠીઓ વ.ના છે. આની સાથે વિભિન્ન આકારનાં નાળચાં (જેની સંખ્યા લગભગ ૩૦-૩૫ જેટલી) પણ મળેલ છે.

માટીનાં વાસણોનાં ઠીકરાં ઉપરાંત પક્વ માટીના વિભિન્ન પુરાવશેષો પણ મળેલ છે. આમાં અશ્વ, કૂતરો, ગાડી, ચકરડી, ચકતીઓ. વ. રમકડાં ઉપરાંત નાની-મોટી સાઈઝની લગોઠીઓ પણ છે. અનાજ પીસવાના-વાટવાના પથ્થરનાં પાટા પણ છે. તો નજીકની ધારમાંથી એક અકબંધ ઘંટલો (રોટરી સ્ટોન) પણ મળી આવેલ. વર્તમાન ઘંટી-ઘંટલા કરતાં તેની વિશેષતા એ છે કે આજે જેમ નીચેના પડને અલગ ખીલડો હોય છે તેમ તેને ન હોતા વચ્ચે પથ્થરનો જ સળંગ ખીલડો હોય છે. અર્થાત નીચેનું પડ ખીલડા સહિત સળંગ છે. (આથી ઘણી જગ્યાએ આને 'ઘંટેશ્વર મહાદેવ' તરીકે પણ પૂજવામાં આવે છે.) આ ઉપરાંત ઉપલા પડની ગોળાઈની એક બાજુ ચોરસાકારને તેમાં એક નાનું કાણું છે કદાચ તેમાં હાથો ભરાવવામાં આવતો હશે. આ ઘંટણાની સાથે પથ્થરનો એક વાટણિયો પણ મળેલ. સવા ફૂટ જેટલી લંબાઈ ધરાવતો આ વાટણિયો અનાજ કે ઔષધ વાટવાના કામમાં આવતો હોવો જોઈએ. હાલ આ બન્ને અવશેષ કાનપર (તા.જસદણ)થી પૂર્વમાં આવેલ. 'ખોડિયાર'ના નવા મંદિરે પડેલ છે. આ ઉપરાંત વિભિન્ન પ્રકારની શંખની બંગડીઓનાં ટૂકડાં પણ મળેલ છે. આ બંગડીઓ સાદી તેમ જ ડીઝાઈનવાળી એમ બન્ને પ્રકારની મળેલ છે. તો, શંખમાંથી બનાવેલ મોતીઓ પણ મળેલ છે.

હવે મહત્ત્વની ઉપલબ્ધિઓની ચર્ચા કરીએ -

## (૧) પ્રતિમાઓ

અહીંથી પ્રાપ્ત વિભિન્ન પ્રતિમાઓમાંથી મહત્ત્વની આ છે :

### લજ્જાગૌરી અથવા ઉતાનપાદ અદિતિ

ભારતમાં જ નહિ વિશ્વના અનેક દેશોમાં માતૃપૂજા પ્રાચીન હોવાનું પ્રાપ્ત પુરાવશેષોના આધારે નિર્વિવાહ સ્વીકારાયેલ છે. માતૃદેવી સ્ત્રી (શક્તિ)નું પ્રતીક હોઈ તેની પ્રજનન પ્રક્રિયા નિરૂપતું એક પ્રતિમા-સ્વરૂપ ઘણી જગ્યાએથી મળી આવેલ છે, જેને સામાન્ય રીતે 'લજ્જાગૌરી' એવું નામ આપવામાં આવેલ છે. મૂળ તો આ પ્રકારની પ્રતિમાઓ સંતાન પ્રાપ્તિ માટે ઈજિપ્તમાં પૂજાતી હોવાનો વિશ્વપ્રસિદ્ધ પુરાતત્ત્વાચાર્ય સ્વ.ડૉ.એચ.ડી.સાંકળિયા સાહેબનો મત છે. ઈ.સ.ના પ્રારંભમાં રોમ સાથેના વેપાર દરમ્યાન તે ભારતમાં પ્રવેશી હોવાનું મનાય છે. આ પ્રકારની મૂર્તિઓમાં ઊંચા મસ્તક પર રાખેલા હાથવાળી આકૃતિ પણ મળે છે. જેમ ઉતાનપાદ અદિતિ એવું નામાભિધાન થયેલ છે. આવી જ એક પ્રતિમા અહીંથી મળેલ છે. ૫.૫ ઠ ૫.૫ સે.મી.નું માપ ધરાવતી સેલખડીમાંથી બનાવેલ પ્રસ્તુત તકતી ખંડિત હોવા છતાં ઉત્કીર્ણ ભાગ લગભગ આખી સ્પષ્ટ જોઈ શકાય છે. ગોળ ભરાવદાર સ્તન કમરનો પહોળો ભાગ, બહાર પડતી યોનિ, મસ્તક પર રાખેલા ઊંચા હાથ તેમ જ ઉપરની બાજુ સંભવત. કમળનુ ઉત્કીર્ણ આકૃતિઓ વ. પ્રસ્તુત પ્રતિમા ઉતાનપાદ અદિતિ કે લજ્જાગૌરીની જ હોવાનું સિધ્ધ કરે છે. લજ્જાગૌરીના આ રીતની આવી નાની પ્રતિમા બહુ ઓછી મળે છે. સંભવત આ રીતની નાની પ્રતિમા બહાર લઈ જવા માટે બનાવવામાં આવતી હોય. આ પ્રકારની એક અન્ય પણ અર્ધ-બહુ સ્પષ્ટ નહિ તેવી-પ્રતિમા પણ અહીંથી મળેલ છે જે પહેલી કરતાં પણ નાની છે ને કાળા પથ્થરમાં અંકિત છે.

આ ઉપરાંત કાર્તિકેય, ગણેશ વ.ની પણ ખંડિત (અલબત્ત તકતી આકારની નાની) પ્રતિમાઓ મળેલ છે. કાર્તિકેયની પ્રતિમા સલેખડીમાંથી બનવેલ છે. હાથમાં રહેલ ભાલોને આકાર જોતા તે ખખમાં ઊભી પ્રતિમા તેમજ લગભગ ૧૫ ઠ ૮ સે.મી. જેવડી હોવી જોઈએ.

## (૨) શિલાલેખ અને મુદ્રા :

પ્રસ્તુત વસાહતની સૌથી મોટી ઉપલબ્ધિ તે શિલાલેખ છે. આગળ વર્ણવેલ પુરાવશેષોની પ્રાપ્તિ જસાપર ક્ષેત્રમાંથી છે તો શિલાલેખ જીવાપરમાંથી. એક નોંધનીય બાબત એ છે કે જીવાપરમાંથી એક માત્ર પ્રસ્તુત શિલાલેખ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિવાય ક્ષત્રય સમયનો એક પણ પુરાવશેષ સાંપડ્યો નથી. હાલ આ શિલાલેખ ચોરસન મ્યુઝિયમ રાજકોટમાં પ્રદર્શિત પ્રસ્તુત શિલાલેખ મૂળ જીવાપરની પૂર્વે હરિજનવાસની નજીક પડેલ. (આ શિલાલેખ પણ લેખકની શોધ છે.) કાળા પથ્થરની પાંચેક ફૂટ લાંબી દોઢેક ફૂટ પહોળી અને એકાદ ફૂટ જાડી આ શિલા ઉપર કુલ ત્રણ લીટીનું શિરોરેખા બાંધેલ બ્રાહ્મ લખાણ સ્પષ્ટ અને સ્વચ્છ અક્ષરોમાં અંકિત છે. ત્રણે પંક્તિના અનુક્રમે ૧૧-૯- અને ૬ મળી કુલ ૨૬ અક્ષરો છે. શિલાલેખની ભાસ મળ્યા બાદ તેનો એક ફોટો મેં ડૉ. સાંકળિયા સાહેબને (પુના) મોકલતા તેમણે ડેક્કન કૉલેજના પુરા-લિપિ નિષ્ણાત ડૉ.શોભનાબેન ગોખલે પાસે તેની વાચના કરાવી અને સાથે મને જણાવેલ. આથી પ્રસ્તુત શિલાલેખની માન્ય વાચના આ ગણી શકાય-

"વર્ષ (વર્ષે) ૨૩૩ શ્રાવણ બહુલે
૬ કુમારદેવ પુત્રસ્ય
ક (કુ)માર દત્તદ"

અર્થાત કુમારદેવના પુત્ર કુમારદત્તે શક સંવત ૨૩૩ (ઇ.સ.૩૧૧)ના વર્ષે શ્રાવણ વદ છઠ્ઠના રોજ કોઈ દાન પ્રસંગ નિમિત્તે પ્રસ્તુત લખાણ કોતરાવ્યું હશે. શક સંવત ૨૩૩ (ઇ.સ.૩૧૧) દરમ્યાન ક્ષત્રપરાની ચંદ્રસિંહ રાજાનું શાસન ચાલતું હોઈ પ્રસ્તુત શિલાલેખ એનો ગણી શકાય. આ શિલાલેખ આડો હોઈ સંભવ છે કે કોઈ તળાવ બંધાવવા આપેલ દાનને લગતો હોય. રુદ્રસિંહનો (રજાનો) આ અગાઉ એક જ શિલાલેખ મળેલ હોઈ પ્રસ્તુત શિલાલેખ મહત્ત્વની કડી ગણી શકાય. અલબત્ત આ શિલાલેખમાં રુદ્રસિંહ-રજાનો નામોલ્લેખ નથી. વળી, ક્ષત્રપવંશમાં કુમાર દેવ-કુમારદત્ત નામનો કોઈ રાજા પણ થયેલ ન હોઈ સંભવતઃ રુદ્રસિં-રજાના કુમારદત નામના કોઈ સ્થાનિક અદાધિકારીનો હોય.

**મુદ્રા :**

આગળ વર્ણવેલ શિલાલેખમાં ઉલ્લેખિત 'કુમાર' નામના સ્થાનિક પદાધિકારીની એક પકવેલી માટીની મુદ્રા (૫ x ૩.૨ x ૧.૨ સે.મી.) મુદ્રા પણ જસાપર વસાહતમાંથી લેખતને સ્થળ તપાસ હાથ લાગેલ, જે હાલ લેખકના અંગત સંગ્રહમાં છે. પ્રસ્તુત મુદ્રાંકનમાં શિરોબંધ બાહ્મીલિપિમાં કુલ ૫ (પાંચ) અક્ષરો કોતરેલ છે. જેમાં પ્રથમ અક્ષર ખંડિત હોવા છતાં સંભવત 'કુ' અને બાકીના 'મારસ્ય' મેળવતાં - '(કુ)મારસ્ય' સ્પષ્ટ વાંચી શકાય છે. આગળ ઉલ્લેખિત શિલાલેખમાં અંકિત બ્રાહ્મી લિપિ જેવાં જ અહીં મરોડદાર અક્ષર છે. આથી તેમ જ શિલાલેખમાં ઉલ્લેખિત 'કુમાર' અને અહીં પણ 'કુમાર' હોઈ પ્રસ્તુત મુદ્રા ૩-૪થી સદીની ગણી શકાય. આગળ દર્શાવ્યા પ્રમાણે ક્ષત્રપૂવંશમાં 'કુમાર' નામનો કોઈ રાજા થયેલ ન હોઈ શિલાલેખન જેમ પ્રસ્તુત મુદ્રા પણ 'કુમાર' નામના કોઈ સ્થાનિક સત્તાધીશની હોવા પૂરતો સંભવ છે. એટલું જ નહીં શિલાલેખ અને મુદ્રાનો 'કુમાર' એક જ સંભવી શકે. આમ જસાપર-જીવાપરની આ બન્ને ઉપલબ્ધિ ક્ષત્રપ વંશની મહત્ત્વની કડી ગણી શકાય.

લેખના પ્રારંભે જણાવ્યા પ્રમાણે ગુજરાત સરકાર અને ભારત સરકારના પુરાતત્ત્વ ખાતાએ ગુજરાત-સૌરાષ્ટ્રમાં હરપ્પન સમયની વસાહતોનું જ બહુધા સંશોધન-ઉત્ખનન કરાવેલ હોઈ; ગૂજરાતના પ્રથમ લિખિત સમૃધ્ધ ઇતિહાસ-વંશ ક્ષત્રપકાળની લગભગ અવગણના જ કરવામાં આવી હોય તેમ લાગે છે. એ ખરું છે કે સૌરાષ્ટ્રમાં આ વંશનું વિશાળ-વિસ્તૃત સામ્રાજ્ય હોવાનું ઠેર-ઠેર મળતી આ સમયની નાની-મોટી વસાહતોના આધારે કહી શકાય. સમગ્ર ભાદરના કાંઠે તેમજ અંદરના ગાળે પણ ક્ષત્રપ સમયની નાની-મોટી વસાહતો હોવાનું જાણવા મળે છે. આમાંની એક જસાપર-જીવાપરની વસાહત મહત્ત્વની હોવાનું કહી શકાય. એક સ્પષ્ટતા જરૂરી છે કે આ વસાહતના પ્રાપ્ત પુરાવશેષો લેખકની પાંચ વર્ષની સ્થળતપાસ દરમ્યાન ઉપલી સપાટી પરથી ધ્યાનમાં આવેલ છે. જો ઉત્ખનન કરવામાં આવે તો એક સમૃધ્ધ વસાહત બહાર આવવાની પૂરતી શકયતા છે. એક સંભાવના એ પણ છે કે આ વસાહત નીચે હરપ્પન વસાહત પણ હોઈ શકે કેમ કે, સૌરાષ્ટ્રમાં ઘણા સ્થળે આમ બનવા પામેલ છે. ગુજરાત સરકારનું ખાસ તો પશ્ચિમ પતેળ જો આ અંગે કંઈક આગળ વધે તો સૌરાષ્ટ્રની ક્ષત્રપકાલીન વસાહતનું દટાયેલું પ્રકરણ બહાર આવે !



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ત્રિદલ - કચ્છનાં અંશતઃ શિલ્પ નમુના

–પ્રાણગિરિ ગોસ્વામિ*

(૧) ઓઢો જામ અને હોથલ-પદમણીની લોકકથાતો સારાએ સૌરાષ્ટ્ર-કચ્છમાં જાણીતી છે. મનાઈ સમાનાં - ધોલાયગઢનાં રાજકુમાર-ઓઢા જામને મોટોભાઈ હોવાથી-પત્નિની ઉશ્કેરણીથી દેશવટો આપે છે અને એજઈ વિસલદે વાઘેલા પાસે જાય છે. એ વાતો બધી સર્વ ચર્ચિત છે. હોથલ એહલમલની રીતે પિતાજીની આથોવાળજાસિંઘ-બાંભણાંસર ધુલારા બાદશાહમાં રાજમાં જાય છે. અને ઓઢો વિસલદે વાઘેલાની આથોવાળવા પણ ત્યાંજ જાય છે... હા... સિંધનાં માથાભારે લૂંટારાઓ કચ્છ વાગડ સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાતનાં સિમાડાની આથોઓઆનો લૂંટવાનો ધંધો લીને બેઠેલાં જ હોય છે. આમ આ સૌરાષ્ટ્ર એ વાગડની આથો (પશુધન) વાળતાં બંનેનો કચ્છનાં રણમાં ભેટો થાય છે. હોથલ પુરુષવેશે છે. એહલમલ તરીકે એને ઘોડાઓને ખેલવતાં રણમધ્યે ઓઢો વદે છે. "રણઘોડાને રાત, ચંધર ચોડંઈ માજો

સારા-બેલી હવે સાથ, કજેરૂચન્યું ગાણિયુ.

હા... એહલમલજી આવો રણ હોય સપાટ મેદાન ઘોડાઓ ખેલવતાં ખેલવતાં શરદની અજવાડી ચૌદશની રાત્રીએ સર્વત્ર ચાંદની ખિલી હોય અને તારા જેવા નાજુક નમણો સાથીદાર હોયને તો મનગમતી વાતોની મજા આવે... એન એક દુહામાં એકલમલ બોલી જાય છે "રણબાબિડી થઈ ભયા" હા. ઓઢો વાગડની વાટ પકડેને હોથલ સૌરાષ્ટ્રને રસ્તે પડે ત્યારે જતાં જતાં "હું તો જાણે રણની હોલીનાં જેમ ભમ્યા કરું છું" ઓઢા જામનાં કાન સરવાં થાય છે રણબાબિડી રણની હોવી જરૂર કંઈક ભેદ છે જવા દે આગળ એને પછી પીછો પકડું અને સાથીઓને પશુઓ ભેળવીને સમાચાર કહે છે... ઝિઝા ડિની જુહાર વિસલ દે. વાઘલે કે,

જિતવાર આપડઈ, ઊત ઓઢો મરાણું.

વાઘેલાને કહેજો ભેરૂઓ, કે તમારી આથો તો હેમખેમવાળી આવ્યા પરંતુ પાછળ વાર આવી સિંધીઓની અમને આથો સાથે વાગડ ભેળાં કરીને ઓઢો એકલો એમને રોકી રાખવા લડવા ગયોને કામ આવી ગયો.

...અને ધીરેપગલે-એકલમલનાં પગલાં લેતો એ પાછળ પડ્યો ને ત્યારે પગદંડી હતી ભીમાસર (તા.અંજાર) થઈને ભચાઉ સામખિયાડીથી સૌરાષ્ટ્ર અહીં ભીમાસરનાં પાદરે એ ગાળાનો ચકાસર નામે સુંદર તળાવ છે. અને પોતાનો ઘોડો વટવૃક્ષની છાયાએ બાંધી એકલમલ સ્વરૂપનાં કપડાં કાઢી નાંખી ચક્કાસરમાં નાહી રહી છે, "ચડી ચકાસરપાળ, હલ હોથલ કે ન્યારિયું.

વિછાઈ વિઢીવાર, પાણીમથે પદમણી.

અને ઓઢો એનાં મર્દોમાં કપડાં પાસે બેસી જાય છે. હોથલ પરખાઈ જ જાય છે. ગાંધર્વ વિવાહ...ને એજ એ ચકાસરની પાળ પાસેનાં પાળિયાઓની હારમાળા એ ત્યારથી માંડીને આજ સુધીનાં સૂરસતિઓનાં ખૂબ જ વ્યવસ્થિત રીતે દેખા દે છે. સદી સદીની શિલ્પકલાએ કંડારાયેલાં.

ગત વર્ષે તા.૨૨-૮-૯૭ શુક્રવારે "કચ્છઈતિહાસ પરિષદ્"નો વરસામેડીનાં શિલ્પસભર મંદિર ડેરીઓ, ભીમાસર ભીમનાથ મંદિરને ચકાસર ખાંભિપાળિયા-ભીમગુડાનું સ્થાનક પાંકણસર-ભાવેશ્વરનાં ઈતિહાસ સભર સ્થાનોનો સંશોધન પ્રવાસ મૈયાપીર અને જાફરઝિંદાજીની સલામ, સફલા નદી કાલિકા માતાજી, કાળો વડ અને ગ્રંપ્રપિયોશમશાન સંશોધન પ્રવાસ ટાંકણે સભર સંશોધન નોંધ સાથે લેવાયેલા ફોટાઓ પૈકીનો એક પાળિયા સભર ફોટો -"કચ્છ ઇતિહાસ પરિષદ" દર વર્ષે આવા ત્રણચાર શિલ્પસ્થાપત્ય ઇતિહાસ સંશોધન પ્રવાસ કરે છે, સંસ્થાનો સ્થાપના દિન, ભુજ સ્થાપના દિન-

★ ઢેબા ફળિયું - ભી., ભૂજ-કચ્છ -૩૭૦૦૦૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કચ્છી નવું વર્ષ અને અધિવેશન અથવા જ્ઞાનસત્ર.

**(૨) સંડાતા-મહાદેવની ધર્મશાળા :-**

સડોના ગામ રાઠોડકુળ ભૂષણ ચાંપરાજદાદાનાં વંશજોએ અહીં રાઠોડ નૂખના મુસ્લિમો-હરિજનો અન્ય અન્ય મુસ્લિમોની વસ્તી. અઢારમી સતાબ્દીનાં પૂર્વાધિમાં ભારાપર સેનેટોરિયમ અને સેડાતાનાં આથમણાં સિમાડાથી ગાડા વાટ પસાર થતી આ ગામ વાડીવાળું લીલું-ત્યારે ભારાપરનાં ખોજાશાહુકારોએ ભુજથી મુન્દ્રાનો આજનો રસ્તો બનાવરાવ્યો ન્હોતો એટલે ઊંટ-ઘોડા-ગાડા, ઊંટગાડી અને પોકો ત્યાંથી જતાં, એટલે કંકીનાં સમજુમા-કરીને એક વણિત વૃધ્ધાએ સેડાતાગામની પશ્ચિમે શિવમંદર, ધર્મશાળા, વાવ, ભૈરવજી મંદિર અને ઈદગાહ બનારાવ્યાં. એ એક વાડી એનાં નિભાવ માટે લઈ આપી. એટલે મુન્દ્રા ભુજ વચ્ચે જતાં નાનાં મોટાં એ ગાળાનાં વાહનો અહીં પોરો ખાતાં અને રાતવાસોએ કરતાં અને આ કિલ્લે બંધીવાળાં વિસ્તારમાં એમની સુરક્ષાએ જળવાતી-એ જાતની સુવિધાઓ આ વણિક માજીએ કરાવી આપી. આજે વાવ અને ધર્મશાળાનો ભલે ઉપયોગ ના થાય. પરંતુ શિવ અને ભૈરવ. દાદા પૂજાય છે. વાડી-ખેતર ખેડાય છે. અને એકાતમતાનાં ઓલિઆ ઓ જવા-મામધભા.મીઠુભા જેવા રાઠોડો આ ધામની ગરિમા જાળવે છે. સૂજાપરથી નિત્યપૂજારી પૂજા કરવા આવે છે, શ્રાવણમાં ખૂબ મહિમા છે. છતાં ધર્મશાળાનું બાંધકામ નવા જેવું અકબંધ ઊભું જ છે. જે નીકંડારણી પણડોકિયા કરે છે. વાવનું પાણી હું - ભારાપર શાળામાં પેસેન્ટરશાળાનો આચાર્ય હતો ત્યારે કોષ મારફતે ખેંચાતું અને પાકને પવાતું - કચ્છની વાવો માટે "પથિક"માં માનસંગજી બારડનાં વખતમાં એ ભીમાશેઠની વાવ, ભદ્રેશ્વરજીની દૂદિયાવાવ, હ્મત્રાની વાવ, પાંડવ વાવ, સોતેશ્વરની વાવ, અજેપાળની વાવ વગેરે માટે ઘણીએ ચર્ચાઓ થઈ ગઈ હતી. અને ત્યારે "પથિક"નાં પાનાઓ પર કચ્છની વાવો (સેલોર)ની ગુજરાત નેવિસદ્દ જાણ થયેલ. એજ રીતે સિંદરવાવની ધર્મશાળા જીવણીરાઈની ધર્મશાળા ગુડથરનાં રસ્તાની ધર્મશાળા, કુકમાની ધર્મશાળા વગેરે પણ અંશત ખ્યાલ અપાયો હતો. ને એના પરનાં ઝરૂખા-બેઠકો ધાડી અને એનાં તાકોનાં શિલ્પનું પણ ત્યારે ખ્યાલ અપાયેલ એ યાદ આવે છે. અને પથિકનાં ખાસ કચ્છ અંકોમાં પણ ખૂબ જે કચ્છડાને ત્યારે લાડ લડાવાયાં હતાં.

**(૩) ભુજની નવી ટંકશાળ :**

કોરી-કુંવરી ભારમલજી બાવાનાં સમયથી અને ઘડેલી અસ્તવ્યસ્ત સિક્કાનાં રૂપે બહાર પડી ને દેશળજી બીજાનીવારી સુધી ત્યાંરે કારીગરો અનધડ રીતે સિક્કા તૈયાર કરતા. દેશવજીએ વ્યવસ્થિત ટંકશાળને રૂપ આપ્યું અને પ્રાગમલજી બીજાએ ડાઈને મશીનરી વસાવી. આ મકાન દરબારગઢ પાસેની ટૂંકું પડવાને લાગતાં મહાદેવનાકાની સામે વિશાળ માહોલમાં નવીટંકશાળની અઢારમા સૈકાનાં ઉત્તરાર્ધમાં શરૂઆત કરી. જેનાં દરવાજાનો અર્ધભાગ ચિત્રમાં સામેલ છે. સેડાતા-કિલ્લેબંધીનો પણ આવડો.જ વિશાળ દરવાજો છે. એમ જ માની લ્યોં એન ટંકશાળની અંદર જતાં જમણાં હાથે તાકપર અને સ્થંભ પરએ કોતરેલ પરીઓ દેખાદેય છે. નીચે કુસ્તી કરતા રાજ્યનાં મલ્લોંની એમલ કુસ્તીકંડારાયેલી છે. અને મા શારદા, પરીની પાછળ ગણપતિ-રિધ્ધિને સિધ્ધિ નીચે કલાત્મક ગોળ ગુચ્છ અને બારીએથી નીચેનાં ભાગે તમને કચ્છનાં કુંભકારોની ઘડેલી માટીની વિશાળ કોઠીઓ દેખાદેય છે ને માટીનાં આવાં વિશાળ વાસણો રાયણમાંથી પણ મળી આવ્યાં છે. જે આથી પણ વિશાલ પુરુષકદનાં એ ગઢવીની એકત્ભેણીયાં રક્ષિત છે. દૃષ્યમાન ત્રણે ચિત્રોની કલાખાંભિ પાળિયા ધર્મશાળા અનં ટંકશાળ ૧૬માંથી ૧૯માં સૈકાનો પૂવાર્ધ ગાળો બતાવી જાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



